

P.07

શનાયા કપૂરની નવી ફિલ્મનું ટાઈટલ જેકોબ કાર્ડોસો નક્કી થયું

ગુજરાતનું વિશ્વસનીય દૈનિક

# લોક પત્રિકા

www.lokpatrika.in LOK PATRIKA RNI No : GUJGUJ/2022/83673

P.07

ખુશી કપૂરની મોમ-ટુનું શૂટિંગ નોઈડા ફિલ્મ સિટીમાં શરૂ



તંત્રી : અવેશ માલવિયા । સ્થાપના ૨૦૧૦ । વર્ષ : ૦૪ અંક : ૨૧૬ । વિક્રમ સંવત ૨૦૮૨ : ફાગણ વદ ૦૨ । પાના - ૦૮ । કિંમત : ૪ । અમદાવાદ (ગુજરાત)

Editor : Avesh K Malaviya • Year : 04 • Issue : 216 • Dt.05-03-2026 Thursday • Page 08 • Price : Rs. 4 • Office : G-1301, Sardar Patel Nagar, Shastrinagar Char Rasta, Near Anmol Tower, Naranpura, Ahmeddabad-380013 • E-mail : lokpatrikanews1@gmail.com • Mob. 98252 52125


શ્રીલંકામાં ઈરાની જહાજ પર સબમરીન એટેક । ૧૦૧ લોકો ગુમ હોવાનો દાવો 07



05 MARCH- 2026 THURSDAY



07 લેબેનોનની ગાઝા જેવી હાલત કરી દેવાના ઈઝરાયલના ઈરાદા । તાબડતોબ હવાઈ હુમલાથી હિઝબુલ્લાહ થરથર્યું

## દરરોજ સરેરાશ ૪૮ થી વધુ લોકોને શ્વાનો બટકા ભરે છે, મનપાનું તંત્ર નિષ્ક્રીય

# ભાવનગરમાં શ્વાનનો ત્રાસ યથાવત । ૧૨ માસમાં ૧૭,૬૨૮ લોકોને કરડતા ગભરાટ

## શહેરના બોરતળાવ, વડવા, ઘોઘાજકાતનાકા, સુભાષનગર, કાળિયાબીડ, ભરતનગર સહિતના વિસ્તારમાં રખડતા શ્વાનોનો આતંક : લોકો ત્રાહિમામ




। પ્રતિનિધિ, ભાવનગર, તા.૪ ।

ભાવનગર શહેરમાં રખડતા શ્વાનનો ત્રાસ વધી રહ્યો છે છતાં મહાપાલિકાના તંત્ર દ્વારા પરિણામલક્ષી પગલા લેવામાં આવતા નથી તેથી લોકો ત્રાહિમામ પોકારી ઉઠયા છે. રખડતા શ્વાનના પ્રશ્ને તત્કાલ યોગ્ય પગલા લેવા લોકો માંગણી કરી રહ્યા છે. શહેરમાં છેલ્લા ૧૨ માસમાં એટલે કે, જાન્યુઆરીથી ડિસેમ્બર-૨૦૨૫ માં ૧૭,૬૨૮ લોકોને શ્વાન કરડયા હતા તેથી લોકોમાં ફફડાટ ફેલાયો છે.

રખડતા શ્વાન કરડતા લોકો સારવાર માટે મહાપ ાલિકાના આરોગ્ય કેન્દ્રો ખાતે આવ્યા હતા અને તેઓને જરૂરી સારવાર પુરી પાડવામાં આવી હતી તેમ મહાપાલિકાના આરોગ્ય વિભાગના સુત્રોએ માહિતી આપતા જણાવેલ છે. શહેરના બોરતળાવ, વડવા, ઘોઘા જકાતનાકા, સુભાષનગર, કાળિયાબીડ, ભરતનગર, કુંભારવાડા, તક્ષેશ્વર, વાઘાવાડી રોડ, કાળાનાળા, સાંઢીયાવાડ સહિતના વિસ્તારમાં રખડતા શ્વાનનો આંતક વધ્યો છે છતાં મહાપાલિકાના તંત્ર દ્વારા આંખ આડા કાન કરવામાં આવી રહ્યા છે, જેના કારણે લોકો પરેશાની વધી છે. હાલ શહેરના મુખ્ય રોડ અને શેરીઓમાં શ્વાનના ઝુંડ જોવા મળતા હોય છે. રાત્રીના સમયે શહેરના મુખ્ય રોડ પર શ્વાનઓ ત્રાસ ફેલાવતા હોય છે તેથી વાહન ચાલકો અને રાહદારીઓ મુંઝવણમાં મુકાય જતા હોય છે. રખડતા શ્વાનનો ત્રાસ દિવસે દિવસે વધી રહ્યો છે છતાં મહાપાલિકાને આ પ્રશ્ન હલ કરવામાં કોઈ રસ ના હોય તેમ જણાય રહ્યુ છે. શહેરમાં દરરોજ સરેરાશ ૪૮થી વધુ વ્યકિતઓને શ્વાન કરડતા હોવાનુ જણાય રહ્યુ છે ત્યારે મહાપાલિકાએ કડક કામગીરી કરવી જરૂરી છે.

### મહાપાલિકા કડક પગલા લેતુ નથી તેથી નાગરીકો કચવાટ કરતા નજરે પડી રહ્યા છે



હડકાયા શ્વાન કરડવાથી કેટલાક લોકોના મોત પણ નિપજતા હોય છે ત્યારે આ બાબતે તત્કાલ યોગ્ય પગલા લેવા જોઈએ તેમ લોકમુખે ચર્ચાય રહ્યુ છે. ભાવનગર મહાપાલિકા દ્વારા રખડતા શ્વાનના મામલે માત્ર ખસીકરણ અને રસીકરણ કરી સંતોષ માનવામાં આવે છે પરંતુ અન્ય કોઈ કડક કાર્યવાહી કરવામાં આવતી નથી, જેના પગલે રખડતા શ્વાનનો ત્રાસ યથાવત છે. મહાપાલિકા કડક પગલા લેતુ નથી તેથી નાગરીકો કચવાટ કરતા નજરે પડી રહ્યા છે. ભાવનગર શહેરમાં રખડતા શ્વાનનો ત્રાસ વધી રહ્યો છે છતાં મહાપાલિકાના તંત્ર દ્વારા પરિણામલક્ષી પગલા લેવામાં આવતા નથી તેથી લોકો ત્રાહિમામ પોકારી ઉઠયા છે. રખડતા શ્વાનના પ્રશ્ને તત્કાલ યોગ્ય પગલા લેવા લોકો માંગણી કરી રહ્યા છે.

### અમદાવાદમાં છેતરપિંડીના કેસ વધ્યા

## જમીનમાં રોકાણના નામે અમદાવાદના વેપારી સાથે ૨૮.૨૫ લાખની છેતરપિંડી

### આરોપીઓએ જમીનનો દસ્તાવેજ કરી આપ્યો નહોતો કે નાણાં પરત કર્યા નહોતા

। પ્રતિનિધિ, બાવળા, તા.૪ ।

અમદાવાદના નવરંગપુરા વિસ્તારમાં રહેતા રાજેશભાઈ જવાહરલાલ નેનાણી સાથે જમીન રોકાણના બહાને લાખો રૂપિયાની છેતરપિંડીની ઘટના સામે આવી છે. વર્ષ ૨૦૨૪માં ફરિયાદી દુર્ગી ગામના રાજેશ પઢાર અને ગગુભાઈ પઢારના સંપર્કમાં આવ્યા હતા. આરોપીઓએ ઝાપ ગામની સીમમાં સર્વે નંબર ૪૮૮ પૈકીની બિનખેતી જમીન બતાવી વિશ્વાસમાં લીધા હતા. ફરિયાદીએ જમીન પેટે અલગ-અલગ ખાતાઓમાં અને રોકડ મળી કુલ રૂપિયા ૨૮,૨૫,૦૦૦નું રોકાણ કર્યું હતું.વારંવાર રજૂઆત કરવા છતાં આરોપીઓએ જમીનનો દસ્તાવેજ કરી આપ્યો નહોતો કે નાણાં પરત કર્યા નહોતા. ઉલટાનું, બીજાની જમીન બતાવી છેતરપિંડી આચરી હોવાનું જણાતા રાજેશભાઈએ નળસરોવર પોલીસ મથકે ફરિયાદ નોંધાવી છે. પોલીસે આ મામલે રાજેશ દેવશીભાઈ પઢાર, ગગુભાઈ દેવશીભાઈ પઢાર, દાનુભાઈ ગોરધનભાઈ પઢાર, રમીલાબેન વાલજીભાઈ પઢાર વિરુદ્ધ વિશ્વાસઘાત અને છેતરપિંડીનો ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

### હોળી પૂનમ અને ધૂળેટી પર્વની ભવ્ય ઉજવણી

# ડાકોરમાં આસ્થાનો મહાકુંભ : ૫ લાખથી વધુ ભક્તોએ રણછોડરાયજીના દર્શન કર્યા

**ભક્ત અને ભગવાનનો અનોખો મિલાપ : પરંપરાગત રીતે સોનાની પિચકારી દ્વારા કેસૂડાના જળનો ભક્તો પર છંટકાવ**



### સમગ્ર મંદિર પરિસર ભક્તિ અને રંગોના આનંદમાં તરબોળ થયું

પરંપરાગત રીતે સોનાની પિચકારી દ્વારા કેસૂડાના જળનો ભક્તો પર છંટકાવ કરવામાં આવ્યો હતો, જેનાથી સમગ્ર મંદિર પરિસર ભક્તિ અને રંગોના આનંદમાં તરબોળ થયું હતું. ઠાકોરજીને વિશેષ પતાસાના હારડાનો હાર પણ ધારણ કરાવવામાં આવ્યો હતો. શણગારભોગ બાદ ધૂળેટી પર્વની વિધિવત પૂર્ણાહુતિ કરી ઠાકોરજીને ફૂલ અને દ્રાક્ષની બંગલીમાં બિરાજમાન કરવામાં આવ્યા હતા. આ વિશેષ દર્શન બપોરે ૧૨.૦૦ વાગ્યા સુધી ખુલ્લા રહ્યા હતા. યાત્રાધામ ડાકોરમાં હોળી પૂનમ અને ધૂળેટી પર્વની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. આ વર્ષે ચંદ્રગ્રહણના વિશેષ સંયોગને કારણે ઠાકોરજીની સેવા-પૂજાના ક્રમમાં ફેરફાર સાથે ઉત્સવની અનોખી રોનક જોવા મળી હતી.

। પ્રતિનિધિ, ડાકોર,તા.૪ ।

યાત્રાધામ ડાકોરમાં હોળી પૂનમ અને ધૂળેટી પર્વની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. આ વર્ષે ચંદ્રગ્રહણના વિશેષ સંયોગને કારણે ઠાકોરજીની સેવા-પૂજાના ક્રમમાં ફેરફાર સાથે ઉત્સવની અનોખી રોનક જોવા મળી હતી. હોળી મેળાના પ્રારંભથી પૂર્ણાહુતિ સુધીમાં અંદાજે ૫ લાખથી વધુ શ્રદ્ધાળુઓએ ભગવાન રણછોડરાયજીના દર્શન કરી ધન્યતા અનુભવી હતી.ચંદ્રગ્રહણ હોવાથી ઠાકોરજીની તમામ ધામક વિધિઓ અને ભોગ રાત્રિના ૨:૦૦ વાગ્યાથી સવારના ૧૨:૦૦ વાગ્યા સુધીમાં પૂર્ણ કરી લેવામાં આવ્યા હતા. રાત્રે ૨:૦૦ વાગ્યે ઠાકોરજીની આરતી બાદ તેમને પવિત્ર કેસર સ્નાન કરાવવામાં આવ્યું હતું. સ્નાન બાદ ઠાકોરજીને ફૂલડોલમાં બિરાજમાન કરાયા હતા. આજ્ઞા માળા ધારણ કરાવી ગોપાલ લાલજીને નિજમંદિરની બહાર આસોપાલવના તોરણથી સજાવેલા પારણે ઝુલાવવામાં આવ્યા હતા. આ મનોહર દર્શન સતત બે કલાક સુધી ખુલ્લા રહ્યા હતા. ધૂળેટી પર્વ નિમિત્તે સેવક ભાઈઓએ ઠાકોરજીને નવરંગે રંગ્યા હતા.

**બહેનોની રજૂઆત મંત્રાલય સુધી પહોંચડાવમાં આવશે : આઇસીડીએસ ઓફિસર**

**૧૬મી માર્ચ સુધીમાં ઓનલાઈન કામગીરી બંધ કરવાનો નિર્ણય નહીં કરાય તો ૧૩૫૫ આંગણવાડીના કર્મચારીઓ હડતાળ પર ઉતરશે**

# સુરેન્દ્રનગરમાં આંગણવાડી બહેનોનું ઓનલાઇન કામગીરી સામે પ્રદર્શન

। પ્રતિનિધિ, સુરેન્દ્રનગર, તા.૪ ।



સુરેન્દ્રનગર જિલ્લાની ૧૩૫૫ આંગણવાડીઓના અંદાજે ૨૭૧૦ જેટલા કર્મચારીઓએ ઓનલાઈન કામગીરી અને પડતર પ્રશ્નો મુદ્દે સરકાર સામે મોરચો માંડયો છે. વઢવાણ સહિતના તાલુકાની આંગણવાડી વર્કર બહેનોએ આજે જિલ્લા પંચાયત ખાતે એકત્રિત થઈ પ્રોજેક્ટ ઓફિસરને આવેદનપ ત્ર પાઠવ્યું હતું. કર્મચારીઓએ ચીમકી ઉચ્ચારી છે કે જો ૧૬ માર્ચ સુધીમાં ઓનલાઈન કામગીરી બંધ કરવાનો નિર્ણય નહીં લેવાય, તો સમગ્ર જિલ્લામાં આંગણવાડીના કામકાજ ઠપ્પ કરી હડતાળ પાડવામાં આવશે.ખોડું આંગણવાડી કેન્દ્રના કર્મચારી હંસાબેન ટાંકે આક્રોશ વ્યક્ત કરતા જણાવ્યું હતું કે, ‘સરકારે નવા મોબાઈલ આપ્યા નથી, છતાં ખાનગી મોબાઈલ પર ઓનલાઈન કામગીરીનું દબાણ કરવામાં આવે છે. એપ્લિકેશનો વારંવાર અપડેટ થાય છે, પણ વર્ષ ૨૦૨૨થી અમારા પગારમાં કોઈ વધારો કરવામાં આવ્યો નથી. વધુમાં, બાળકોના વજન, એફઆરએસ અને એમએમવાય વિતરણની ઓનલાઈન એન્ટ્રી તથા ફોટા અપલોડ કરવાની પ્રક્રિયાને કારણે બાળકોના શિક્ષણ અને પોષણ પર ગંભીર અસર પ ડી રહી હોવાની રજૂઆત કરવામાં આવી છે.રજૂઆત દરમિયાન કર્મચારીઓએ ગંભીર આક્ષેપ કર્યો હતો કે આંગણવાડીમાં બાળકો માટે જે ચણા આપવામાં આવે છે તે સડેલા અને નબળી ગુણવત્તાના હોય છે. ગુણવત્તાના અભાવે અવારનવાર હોબાળા થતા હોવાથી પોષણક્ષમ અને સારી ક્વોલિટીની વસ્તુઓ આપવાની માંગ કરાઈ છે.બહેનોની રજૂઆત મંત્રાલય સુધી પહોંચડાવમાં આવશે: આઈસીડીએસ ઓફિસરઆ મામલે આઈસીડીએસ વિભાગના પ્રોજેક્ટ ઓફિસર ભાવનાબેન ઝીડિયાએ જણાવ્યું હતું કે, ‘બહેનોની રજૂઆતો મહિલા અને બાળ વિકાસ વિભાગ સુધી પહોંચાડવામાં આવશે. તેમને નવા મોબાઈલ મળે અને કામગીરીમાં રાહત રહે તે માટે વિભાગ સ્તરે ભલામણ કરવામાં આવશે.’ હવે જોવાનું એ રહે છે કે ૧૬ માર્ચ પ હેલા સરકાર આ પ્રશ્નોનો ઉકેલ લાવે છે કે પછી આંગણવાડીઓને તાળાબંધી થશે.સુરેન્દ્રનગર જિલ્લાની ૧૩૫૫ આંગણવાડીઓના અંદાજે ૨૭૧૦ જેટલા કર્મચારીઓએ ઓનલાઈન કામગીરી અને પડતર પ્રશ્નો મુદ્દે સરકાર સામે મોરચો માંડયો છે. વઢવાણ સહિતના તાલુકાની આંગણવાડી વર્કર બહેનોએ આજે જિલ્લા પંચાયત ખાતે એકત્રિત થઈ પ્રોજેક્ટ ઓફિસરને આવેદનપ ત્ર પાઠવ્યું હતું. કર્મચારીઓએ ચીમકી ઉચ્ચારી છે કે જો ૧૬ માર્ચ સુધીમાં ઓનલાઈન કામગીરી બંધ કરવાનો નિર્ણય નહીં લેવાય, તો સમગ્ર જિલ્લામાં આંગણવાડીના કામકાજ ઠપ્પ કરી હડતાળ પાડવામાં આવશે.ખોડું આંગણવાડી કેન્દ્રના કર્મચારી હંસાબેન ટાંકે આક્રોશ વ્યક્ત કરતા જણાવ્યું હતું કે, ‘સરકારે નવા મોબાઈલ આપ્યા નથી, છતાં ખાનગી મોબાઈલ પર ઓનલાઈન કામગીરીનું દબાણ કરવામાં આવે છે.

**કાયદેસરની કાર્યવાહી હાથ ધરી** | **લોકલ ક્રાઈમ બ્રાન્ચે ડ્રગ્સ, રોકડ, મોબાઈલ મળી કુલ રૂ. 3.36 લાખનો મુદ્દામાલ કબજે લીધો**

# બરવાળામાંથી ડ્રગ્સના જથ્થા સાથે રાજસ્થાનનો શખ્સ ગિરફ્તાર

। પ્રતિનિધિ, ભાવનગર, તા.૪ ।



બરવાળા ઢાળ પાસે આવેલ ધંધુકા-ભાવનગર રોડ ઉપરથી બોટાદ લોકલ ક્રાઈમ બ્રાન્ચે ડ્રગ્સના જથ્થા સાથે ઝડપી લઈ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.બોટાદ પંથકમાં ડ્રગ્સના સેવનનું પ્રમાણ વધ્યું હોય તેમ વધુ એક ડ્રગ્સના જથ્થો બરવાળામાં ઘૂસાડવાનો પર્દાફાશ થયો હતો. જેમાં બોટાદ લોકલ ક્રાઈમ બ્રાન્ચના સ્ટાફ પેટ્રોલિંગ કરી રહ્યો હતો. તે દરમિયાન બાતમી મળી હતી કે, પ્રમોદસીંગ નાથુસીંગ ઈન્દા (રહે. દિવાદી ગામ, તા.રોહિત જિલ્લો. પ ાલી રાજસ્થાન) એમડી ડ્રગ્સનો જથ્થો વેચાણ અર્થે આપવા માટે બરવાળા ખાતે બરવાળા ઢાળ પાસે આવેલ ધંધુકા-ભાવનગર રોડ ઉપર પેસેન્જર વાહનો ઉભા રહે છે. તે જગ્યાએ આવનાર છે. તેને શરીરે ગ્રીન કલરનો પટ્ટાવાળો શર્ટ અને વાદળી કલરનું જીન્સ પેન્ટ પહેરેલ છે. જે બાતમીના આધારે લોકલ ક્રાઈમ બ્રાન્ચના સ્ટાફે દરોડો પાડી સામે ઊભેલા પ્રમોદસીંગ નાથુસીંગ ઈન્દા (રહે.દિવાંદી ગામ, તા.રોહિત જી.પાલી રાજસ્થાન) ની અટકાયત કરી તલાશી લેતા મેફેડ્રોન ડ્રગ્સ વજન ૯૩ ગ્રામ, ૯૭ મિલીગ્રામ રૂ.૨.૯૩,૯૧૦નું મળી આવતા પ ોલીસે પ્રમોદસીંગ નાથુસીંગ ઈન્દાને ડ્રગ્સ, રોકડ રકમ, મોબાઈલ મળી કુલ રૂ.૩.૩૬,૨૧૦ના મુદ્દામાલ સાથે ધરપ કડ કરી તેના વિરુદ્ધ ધી એન.ડી.પી.એસ. એકટ કલમ.૮(સી),૨૧(સી) મુજબ બરવાળા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.બરવાળા ઢાળ પાસે આવેલ ધંધુકા-ભાવનગર રોડ ઉપરથી બોટાદ લોકલ ક્રાઈમ બ્રાન્ચે ડ્રગ્સના જથ્થા સાથે ઝડપી લઈ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.




## મોતીપુરા તાબે ભલાડાથી વિદેશી દારૂ સાથે એક બુટલેગર ઝડપાયો

I પ્રતિનિધિ, નડિયાદ, તા.૪ I

મોતીપુરા તાબે ભલાડા ગામેથી ડાંગરના પૂળામાં સંતાડેલા વિદેશી દારૂ સાથે લીંબાસી પોલીસે રવિવારે રાત્રે એક બુટલેગરને ઝડપી પાડયો હતો. આ બનાવ અંગે લીંબાસી પોલીસે ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી હતી.લીંબાસી પોલીસ રવિવારે રાત્રે પેટ્રોલિંગમાં હતી. આ દરમિયાન બાતમી મળી હતી કે, ભલાડા ગામના મોતીપુરામાં રહેતો અજિત ઉર્ફે દુધી રમેશભાઈ પરમાર પોતાના ઘર આગળ ડાંગરના પૂળામાં વિદેશી દારૂ સંતાડી વેચાણ કરે છે.જેથી પોલીસે રેડ પાડતા ઘર આગળથી મળી આવેલા શખ્સની પૂછપરછ કરતા શખ્સે અજીત ઉર્ફે દુધી રમેશભાઈ પરમાર હોવાનું જણાવ્યું હતું.

## રાયખડમાં પ્રતિબંધિત, નશીલી ૩૦૦૦ ટેબલેટો ઝડપી લેવાઈ

I પ્રતિનિધિ, અમદાવાદ, તા.૪ I

યુવાધનને નશાની ચૂંગાલમાંથી મુક્ત કરવાની સરકાર માત્ર વાતો કરે છે, ડ્રગ્સ સહિત નશીલા પદાર્થો બજારમાં ખૂલ્લે આમ વેચાઈ રહ્યા છે નશાખોરી ડામવાની કામગીરી માત્ર કાગળ પર હોય તેમ આ દૂષણ દૂર કરી શકાયું નથી. સીઆઈડી ક્રાઈમે રાયખડમાંથી રૂા. ૧૨ લાખની કિંમતની પ્રતિબંધિત નશીલી દવાનો જથ્થો પકડી પાડયો હતો. આરોપીઓ ચાણક્યપુરીની મેડિકલની દુકાનેથી ૩૦૦૦ ટેબલેટોની ખરીદી કરી હતી. ગાંધીનગર સીઆઈડી ક્રાઈમમાં ફરજ બજાવતા પીએસઆઈ, એમ.એન. આદરેજીયાએ ગાયકવાડ વહેલી પોલીસ સ્ટેશનમાં જમાલપુરમાં મેચીઓ ઓલ્ડ કડીયાવાડ ખાતે રહેતા મઝહરખાન પઠાણ તથા જમાલપુરમાં રહેતા ઈમરાન અને મહંમદઆસીફ તેમજ ચાણક્યપુરીમાં મેડિકલ સ્ટોર ધરાવતા હાર્દિકભાઈ સામે ફરિયાદ નોંધાવી છે કે ચોક્કસ બાતમી આધારે પોલીસે જયસુંદરી હોલ પાસે રાયખડ ખાતે વોચ ગોઠવી હતી અને રિક્ષામાં પસાર થતા ત્રણ આરોપીને પકડયા હતા.

### લોકોએ એકઠા થઈને બુટલેગરોના અડ્ડા પર ‘જનતા રેડ’ પાડી

# અમદાવાદ જિલ્લાના શાહપુરમાં પોલીસ ઊંઘતી ઝડપાઈ દારૂના અડ્ડા ઉપર પાડી જનતા રેડ I લોકોમાં આક્રોશ

I પ્રતિનિધિ, અમદાવાદ, તા.૪ I

ગુજરાતમાં કહેવાતી દારૂબંધીના ધજાગરા અમદાવાદના શાહપુર વિસ્તારમાં હોળીના તહેવાર દરમિયાન ઉડતા જોવા મળ્યા છે. શાહપુર પોલીસની કથિત નિષ્ક્રિયતા અને રહેમનજર હેઠળ ધમધમતા દારૂના અડ્ડાઓથી કંટાળીને આખરે સ્થાનિક રહીશોએ કાયદો હાથમાં લેવાની ફરજ પડી હતી. લોકોએ એકઠા થઈને બુટલેગરોના અડ્ડા પર ‘જનતા રેડ’ પાડી હતી, જેના કારણે વિસ્તારમાં ભારે અફરાતફરી મચી ગઈ હતી.શાહપુર પોલીસ સ્ટેશનની હદમાં આવતા રહેણાંક વિસ્તારોમાં છેલ્લા ઘણા સમયથી ખુલ્લેઆમ દારૂનું વેચાણ થતું હોવાની ફરિયાદો ઉઠી રહી હતી. સ્થાનિકોનો આક્ષેપ છે કે, અનેકવાર મૌખિક અને લેખિત રજૂઆતો કરવા છતાં પોલીસ તંત્ર દ્વારા કોઈ નક્કર પગલાં લેવામાં આવ્યા નહોતા. ઉલટાનું, પોલીસની આંખ આડા કાન કરવાની નીતિને કારણે બુટલેગરો વધુ બેખોફ બન્યા હતા. તહેવારના સમયે દારૂડિયાઓના ત્રાસથી કંટાળીને મહિલાઓ અને યુવાનોએ જાતે જ અડ્ડા પર હલ્લો બોલાવ્યો હતો.સોશિયલ મીડિયા પર વાયરલ થયેલા જનતા રેડના વીડિયોમાં ચોંકાવનારા દ્રશ્યો સામે આવ્યા છે. વીડિયોમાં જોઈ શકાય છે કે કઈ રીતે સ્થાનિક લોકોએ દારૂ પીવા આવેલા તત્વોને ઝડપી પાડ્યા હતા. કેટલાક શખ્સોને લોકોએ ટીંગાટોળી કરીને રિક્ષામાં બેસાડી રવાના કર્યા હતા. બુટલેગરો રહેણાંક મકાનોની વચ્ચે જ દારૂનો વેચાણ કરતા હોવાનું પણ વીડિયોમાં સ્પષ્ટ દેખાઈ રહ્યું છે. લોકોનો પ્રશ્ન છે કે શું પોલીસને આ અડ્ડાઓ વિશે જાણ નહોતી કે પછી જાણીજોઈને આંખઆડા કાન થઈ રહ્યા હતા?સૌથી વધુ આશ્ચર્યની વાત એ છે કે, આટલી મોટી ઘટના અને વીડિયો વાયરલ થયા બાદ પણ શાહપુર પોલીસ દ્વારા હજુ સુધી કોઈ સત્તાવાર



ગુનો કે કાર્યવાહી કરવામાં આવી નથી. આ મૌન અનેક શંકા-કુશંકાઓને જન્મ આપી રહ્યું છે. સ્થાનિકોમાં હવે એવો ભય પણ વ્યાપી રહ્યો છે કે પોલીસ અસલી ગુનેગારોને પકડવાને બદલે જનતા રેડ કરનારા જાગૃત નાગરિકોને જ હેરાન ન કરે. હવે જોવાનું એ રહે છે કે અમદાવાદ પોલીસના ઉચ્ચ અધિકારીઓ આ વિસ્તારમાં ચાલતી બુટલેગિંગ પ્રવૃત્તિ અને સ્થાનિક પોલીસની શંકાસ્પદ ભૂમિકા સામે કેવા પગલાં લે છે.ગુજરાતમાં કહેવાતી દારૂબંધીના ધજાગરા અમદાવાદના શાહપુર વિસ્તારમાં હોળીના તહેવાર દરમિયાન ઉડતા જોવા મળ્યા છે. શાહપુર પોલીસની કથિત નિષ્ક્રિયતા અને રહેમનજર હેઠળ ધમધમતા દારૂના અડ્ડાઓથી કંટાળીને આખરે સ્થાનિક રહીશોએ કાયદો હાથમાં લેવાની ફરજ પડી હતી.

## સુરક્ષિત અમદાવાદની પોલ ખોલતાં દ્રશ્યો, સરાજાહેર મહિલા-પુરુષ પર લાકડી લઈને તૂટી પડ્યા ચાર શખ્સો

I પ્રતિનિધિ, અમદાવાદ, તા.૪ I

અમદાવાદના નોબલનગર ટર્નિંગ પાસે ગઈકાલે ૩ માર્ચે રાત્રે કાયદો અને વ્યવસ્થાના લીરેલીરા ઉડતી એક ભયાનક ઘટના સામે આવી છે. અંગત અદાવતમાં પોલીસ સ્ટેશન જઈ રહેલા એક યુવકને રસ્તામાં જ આંતરીને ચાર અજાણ્યા શખ્સોએ લાકડીઓ વડે બેફામ માર મારવાનું શરૂ કર્યું હતું. મહિલાઓ બૂમો પાડતી વચ્ચે બચાવવા પડી હતી, તેમ છતાં હુમલાખોરોએ નિર્દયતાથી યુવકને એક બાદ એક લાડકીના ફટકા માર્યા હતા.આ હુમલા દરમિયાન યુવકને બચાવવા વચ્ચે પડેલી મહિલાઓ પર પણ હુમલાખોરોએ સહેજ પણ દયા દાખવી નહોતી. નિર્દયી ગુંડાઓએ મહિલા પર લાકડીઓનો એવો વરસાદ વરસાવ્યો કે તેના હાથ સૂજી ગયા હતા અને તે લોહીલુહાણ થઈ ગઈ હતી. જાહેર માર્ગ પર બનેલી આ ઘટનાનો વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થતા લોકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે.આ ઘટનાની જાણ થતા જ સરદારનગર અને એરપોર્ટ પોલીસ કાફલો ઘટનાસ્થળે દોડી આવ્યો હતો, પરંતુ ગંભીર ઈજાગ્રસ્ત પીડિતોને મદદ કરવાને બદલે બંને પોલીસ મથકો વચ્ચે ‘હદ વિવાદ’ સર્જાયો હતો. એકતરફ પીડિત પરિવાર ન્યાય માટે આક્રંદ કરી રહ્યો હતો અને બીજી તરફ પોલીસ હદ નક્કી કરવામાં સમય વેડફી રહી હતી.

## અમદાવાદમાં એકલા રહેતા વૃદ્ધાની હત્યા, લૂંટારુઓએ મૃતદેહ પાસે બેસી એક કલાક લૂંટ ચલાવી

I પ્રતિનિધિ, અમદાવાદ, તા.૪ I

ગુજરાતનું આર્થિક પાટનગર ગણાતા અમદાવાદ શહેરમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ સામે સવાલો ઉભા કરતી એક ચોંકાવનારી ઘટના પ્રકાશમાં આવી છે. શહેરના સરદારનગર વિસ્તારમાં આવેલી છારાનગર ફ્રી કોલોનીમાં મોડી રાત્રે તસ્કરોએ લૂંટના ઈરાદે ઘરમાં ઘૂસી એક વૃદ્ધાની હત્યા કરી નાખી છે. આ ઘટનામાં તસ્કરોની ક્રૂરતા એટલી હતી કે, હત્યા કર્યા બાદ પણ તેઓએ લગભગ એક કલાક સુધી ઘરમાં રહીને સોના-ચાંદીના દાગીના અને રોકડની લૂંટ ચલાવી હતી.છારાનગર વિસ્તારમાં રહેતા ૬૦ વર્ષીય ભારતીબેન બજરંગી લાંબા સમયથી પોતાના ઘરમાં એકલા રહેતા હતા. પોલીસના જણાવ્યા અનુસાર, મોડી રાત્રે ત્રણ જેટલા અજાણ્યા શખ્સો લૂંટના ઈરાદે તેમના ઘરમાં પ્રવેશ્યા હતા. તસ્કરોએ સૌ પ્રથમ વૃદ્ધાના પગ બાંધી દીધા હતા અને ત્યારબાદ તેમનું મોઢું દબાવીને અત્યંત ક્રૂરતાપૂર્વક હત્યા નીપજાવી હતી. વૃદ્ધાના મોઢાના ભાગે ગંભીર ઈજાના નિશાન મળી આવ્યા છે, જે દર્શાવે છે કે લૂંટારુઓએ તેમને પ્રતિકાર કરવાની તક પણ આપી નહોતી.પ્રાથમિક તપાસમાં ચોંકાવનારી વિગત સામે આવી છે કે, હત્યા કર્યા પછી પણ તસ્કરોમાં કોઈ પણ પ્રકારનો ડર નહોતો. તેઓએ મૃતદેહ પાસે જ રહીને આખું ઘર ફંફોસ્યું હતું. ઘરની તિજોરી તોડીને અંદર રહેલા સોનાના દાગીના અને રોકડ રકમની લૂંટ કરી હતી.

## ધૂળેટીની ઉજવણી માતમમાં ફેરવાઈ : માલપુરમાં બે પિતરાઈ ભાઈ, સુરતમાં ૩ મિત્રોના ડૂબી જતાં મોત

I પ્રતિનિધિ, સુરત, તા.૪ I

ધૂળેટીના પવિત્ર તહેવાર પર ગુજરાતમાં બે અલગ-અલગ ડૂબવાની ઘટનાઓએ સમગ્ર રાજ્યને હચમચાવી દીધું છે. અરવલ્લી અને સુરતમાં બનેલી આ કરુણ દુર્ઘટનાઓમાં કુલ ૫ આશાસ્પદ યુવાનો અને બાળકોએ જીવ ગુમાવ્યા છે, જેના કારણે હોળીની ખુશીઓ માતમમાં ફેરવાઈ ગઈ છે.અરવલ્લી જિલ્લાના માલપુર તાલુકાના નવા (જાંબુ ફળી) ગામે હૃદયદ્રાવક ઘટના બની છે. ધૂળેટી રમીને શરીર સાફ કરવા માટે ગામના તળાવમાં નહાવા પડેલા બે પિતરાઈ ભાઈઓ, રાયચંદ ડામોર અને જૈમીન ડામોર ઊંડા પાણીમાં ગરકાવ થઈ ગયા હતા. ધોરણ ૫ અને ૯ માં અભ્યાસ કરતા આ માસૂમ બાળકોના મોતથી ડામોર પરિવાર પર આભ તૂટી પડ્યું છે. મોડાસા ફાયર બ્રિગેડની ટીમે ભારે જહેમત બાદ બંનેના મૃતદેહ બહાર કાઢ્યા હતા, જેમને પોસ્ટમોર્ટમ અર્થે માલપુર સીએચસી ખાતે ખસેડાયા છે.સુરત જિલ્લાના માંગરોળ તાલુકાના પાનસરા ગામ પાસે પણ આવી જ એક ગમખ્વાર ઘટના બની છે. કીમ નદીમાં ધૂળેટીના દિવસે નહાવા ગયેલા ત્રણ મિત્રો ઊંડા પાણીમાં ડૂબી ગયા હતા. મૃતકોની ઓળખ ચંદ્રભૂષણ સિંગ, હેપ્પી સિંગ અને સંજય ધનજી માંગુકિયા તરીકે થઈ છે. ફાયર બ્રિગેડ અને સ્થાનિક તરવૈયાઓએ નદીમાંથી ત્રણેયના મૃતદેહ બહાર કાઢી કીમ પીએટસીસેન્ટર ખાતે મોકલી આપ્યા છે. કોસંબા પોલીસે આ મામલે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.ધૂળેટીના પવિત્ર તહેવાર પર ગુજરાતમાં બે અલગ-અલગ ડૂબવાની ઘટનાઓએ સમગ્ર રાજ્યને હચમચાવી દીધું છે. અરવલ્લી અને સુરતમાં બનેલી આ કરુણ દુર્ઘટનાઓમાં કુલ ૫ આશાસ્પદ યુવાનો અને બાળકોએ જીવ ગુમાવ્યા છે.

### ગુજરાત સહિત સમગ્ર દેશમાં ધુળેટીના પર્વની ધામધૂમથી ઉજવણી

# અમદાવાદમાં ધુળેટીનું યુવાઓએ કર્યુ હટકે સેલિબ્રેશન I ક્લબ - સોસાયટીમાં મડ I રંગ સાથે રેઈન ડાન્સની રમઝટ

I પ્રતિનિધિ, અમદાવાદ, તા.૪ I

ગુજરાત સહિત સમગ્ર દેશમાં ધુળેટીના પર્વની ધામધૂમથી ઉજવણી કરવામાં આવી રહી છે. અમદાવાદમાં ક્લબ, પાર્ટી પ્લોટ અને સોસાયટીઓમાં લોકોએ ડીજેના તાલે ઝૂમીને એકબીજાને ગુલાલથી રંગ્યા હતા. વહેલી સવારથી જ અબાલ-વૃદ્ધ સૌ કોઈ વિવિધ રંગોમાં રંગાયેલા જોવા મળ્યા હતા. ઉત્સાહ અને ઉમંગના આ પર્વમાં લોકોએ હર્ષોલ્લાસ સાથે ખુશીઓ વહેંચતા સમગ્ર વાતાવરણ રંગીન બની ગયું હતું.બીજી તરફ, અમદાવાદના એસ.જી. હાઈવે પર આવેલી વિવિધ ક્લબમાં ધુળેટીની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. અહીં લોકોએ હવામાં અબીલ-ગુલાલ ઉડાવી મિત્રો અને પરિવારજનો સાથે પર્વનો આનંદ



માણ્યો હતો. અનેક સ્થળોએ યુવાનો ‘મડ હોળી’(કાદવની હોળી) અને વોટર બલૂન્સથી રમતા જોવા મળ્યા હતા, તો ક્યાંક ડીજેના તાલે રેઈન ડાન્સની જમાવટ જોવા મળી હતી.

અમદાવાદની જાણીતી ક્લબમાં આ વર્ષે ધુળેટીનો નજારો કંઈક અલગ જ હતો. અહીં ભારતીય યુવક-યુવતીઓની સાથે વિદેશી પ્રવાસીઓ પણ રંગોત્સવમાં જોડાયા હતા. યુવાનોમાં ભારે જોશ જોવા મળ્યો હતો અને લોકોએ વિદેશી મહેમાનો સાથે સેલ્ફી પડાવી આ ક્ષણને યાદગાર બનાવી હતી.

ડીજેના સંગીત પર લોકો મન મૂકીને ઝૂમ્યા હતા. ખાસ કરીને પ્રાઈવેટ પૂલ, ઓર્ગેનિક કલર, વોટર ડ્રમ્સ અને કલર શોટ્ર્સ જેવી સુવિધાઓએ આકર્ષણનું કેન્દ્ર જમાવ્યું હતું.અમદાવાદના લોકપ્રિય પ્રવાસન સ્થળ કાંકરિયા ખાતે આવેલા વોટર પાર્કમાં પણ ધુળેટી પર્વની રંગેચંગે ઉજવણી કરવામાં આવી હતી. અહીં મોટી સંખ્યામાં યુવક-યુવતીઓ અને બાળકો વોટર ટેન્કર અને રેઈન ડાન્સની મજા માણતા જોવા મળ્યા હતા. ડીજેના તાલે ‘ખાઈ કે પાન બનારસ વાલા’, ‘માય નેમ ઈઝ લખન’ અને ‘નાચ મેરી જાન’ જેવા સુપરહિટ ગીતોના સંગીત પર લોકો મન મૂકીને ઝૂમ્યા હતા.ગુજરાત સહિત સમગ્ર દેશમાં ધુળેટીના પર્વની ધામધૂમથી ઉજવણી કરવામાં આવી રહી છે. અમદાવાદમાં ક્લબ, પાર્ટી પ્લોટ અને સોસાયટીઓમાં લોકોએ ડીજેના તાલે ઝૂમીને એકબીજાને ગુલાલથી રંગ્યા હતા.



### સંવેદનશીલ કેસમાં અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચે પશ્ચિમ બંગાળથી પહેલી ધરપકડ કરી

# અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચને મોટી સફળતા મળી । બોમ્બથી ઉડાવી દેવાના ધમકીભર્યા મેઈલ કરતાં આરોપીની ધરપકડ

## ટેકનિકલ સર્વેલન્સ અને સઘન તપાસના આધારે પોલીસે આ કેસના મુખ્ય આરોપીને પશ્ચિમ બંગાળથી દબોચી લીધો

। પ્રતિનિધિ, અમદાવાદ, તા.૪ ।

ગુજરાતની સ્કૂલો, પોસ્ટ ઓફિસ અને વિવિધ કોર્ટને મેઈલ કરીને બોમ્બ વિસ્ફોટ કરીને ઉડાવી દેવાની ધમકી આપનારો શખસ આખરે ઝડપાઈ ગયો છે. આ સંવેદનશીલ કેસમાં અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચે પશ્ચિમ બંગાળથી પહેલી ધરપકડ કરી છે.અમદાવાદમાં છેલ્લા કેટલાક સમયથી ચર્ચાસ્પદ બનેલા ધમકીભર્યા ઈમેઈલ કેસમાં શહેર ક્રાઈમ બ્રાન્ચને મોટી સફળતા મળી છે. ટેકનિકલ સર્વેલન્સ અને સઘન તપાસના આધારે પોલીસે આ કેસના મુખ્ય આરોપીને પશ્ચિમ બંગાળથી દબોચી લીધો છે. શહેરમાં ભયનો માહોલ ઉભો કરનારા આ ઈમેઈલ ક્યાંથી અને કોણે કર્યા હતા, તે દિશામાં ચાલી રહેલી તપાસમાં આ પ્રથમ મહત્વની ધરપકડ માનવામાં આવી રહી છે. હાલ પોલીસ આરોપીને અમદાવાદ લાવવાની તજવીજ હાથ ધરી રહી છે, જેથી આ ગુના પાછળના અન્ય હેતુઓ અને સાથીદારો વિશે વધુ ખુલાસો થઈ શકે.




પશ્ચિમ બંગાળથી જે મુખ્ય આરોપી પકડાયો છે તેનું નામ સૌરવ વિશ્વાસ છે. આ શખ્સે હાલમાં જ ગુજરાત સહિત દેશભરની શૈક્ષણિક સંસ્થાઓ અને કોર્ટ કચેરીઓમાં ખોટા બોમ્બ ઈમેઈલ મોકલીને ભારે ગભરાટ ફેલાવ્યો હતો. હાલમાં આરોપીના રિમાન્ડ મેળવીને તેની સઘન પૂછપરછ કરવામાં આવી રહી છે, જેમાં તેના ગુના પાછળનો હેતુ અને અન્ય સાથીદારોની સંડોવણી અંગે તપાસ હાથ ધરાઈ છે. આ સમગ્ર કેસમાં પૂછપરછ બાદ ખુલાસા આગામી ૫ માર્ચના રોજ જાહેર કરવામાં આવશે.ગુજરાતના મુખ્ય શહેરોમાં ૨૭મી ફેબ્રુઆરીએ સરકારી કચેરીઓને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી મળતા સુરક્ષા તંત્રમાં ભારે દોડધામ મચી ગઈ હતી. મહેસાણા, સુરત, વલસાડ, ભાવનગર, અમરેલી, જૂનાગઢ, સુરેન્દ્રનગર, પાલનપુરની પોસ્ટ ઓફિસોને સત્તાવાર ઈ-મેઈલ દ્વારા ટાર્ગેટ કરાતા પોલીસ અને બોમ્બ સ્ક્વોડની ટીમ એક્શન મોડમાં આવી ગઈ હતી. આવી બોમ્બ ધમકીઓ મોટેભાગે શાળાઓ, એરપોર્ટ, હોસ્પિટલ, સરકારી કચેરીઓ અને જાહેર સ્થળોને જ લક્ષ્ય બનાવે છે. તેનું મુખ્ય કારણ એ છે કે આ જગ્યાઓ પર ધમકી આપવાથી સૌથી વધુ અસર થાય છે .આ જગ્યાઓ પર ધમકી મળે તો તરત જ એવેક્યુએશન , તપાસ, બોમ્બ સ્ક્વોડ, પોલીસ અને ડોગ સ્ક્વોડ આવે છે. શાળામાં બાળકોને ઘરે મોકલવા પડે છે, વાલીઓ ચિંતિત થાય છે, શિક્ષણ અટકી જાય છે. એરપોર્ટ પર ફ્લાઈટ્સ ડિલે થાય છે, ડાયવર્ટ થાય છે કે કેન્સલ થાય છે. સરકારી કચેરીઓમાં કામકાજ બંધ થઈ જાય છે, ટૂંકમાં બધી પ્રવૃત્તિઓ પાછળનું મુખ્ય હેતુ દેશને નુકસાન પહોંચાડવાનો છે.સાયબર અપરાધીઓ આવા ધમકીભર્યા ઈમેઈલ મોકલવા માટે અનેક તરકીબો અપનાવે છે. તેઓ સામાન્ય રીતે ગુપ્ત ઈમેઈલ સેવાઓનો ઉપયોગ કરે છે, જેમ કે પ્રોટોનમેઈલ અથવા ટેમ્પરરી ઈમેઈલ સર્વિસ. આ સેવાઓમાં તેઓ ખોટા નામ અને વિગતો વાપરીને એકાઉન્ટ બનાવે છે, જેથી તેમની ઓળખ છુપાઈ રહે. તેઓ વર્ચ્યુઅલ પ્રાઈવેટ નેટવર્ક અથવા ટોર બ્રાઉઝરનો ઉપયોગ કરીને તેમના આઈપી એડ્રેસને છુપાવે છે. આઈપી એડ્રેસ એ ડિવાઈસ નું ઓનલાઈન સરનામું છે, જે સ્થાન અને ઓળખ વિશે જણાવે છે.

### ખાનગી મિલકત ઉપર વૃક્ષારોપણને પ્રોત્સાહન અપાશે

# અર્બન ગ્રીનીંગ પોલીસી અંતર્ગત અમદાવાદને ૧૦૦ કરોડ મળશે નવી ટીપી માં ૫ ટકા વિસ્તાર ગ્રીન કવર માટે રાખવો પડશે

। પ્રતિનિધિ, અમદાવાદ, તા.૪ ।

ખાનગી મિલકત ઉપર વૃક્ષારોપણને પ્રોત્સાહન અપાશે, ટી.પી.સ્કીમના ૧ ટકા વિસ્તારમાં મિયાવાકી પધ્ધતિથી ફોરેસ્ટઅર્બન ગ્રીનીંગ પોલીસી અંતર્ગત અમદાવાદ શહેરના ગ્રીન કવરમાં વધારો કરવા માટે વિવિધ પ્રકારના પ્લાનિંગ કરવામા આવશે. આ પોલીસી અંતર્ગત શહેરને સો કરોડ મળશે.નવી ટાઉન પ્લાનિંગ સ્કીમમાં પાંચ ટકા વિસ્તાર ગ્રીન કવર માટે ફાળવવાનો રહેશે. ઉપરાંત ટી.પી.સ્કીમના એક ટકા વિસ્તારમાં મિયાવાકી પધ્ધતિથી અર્બન ફોરેસ્ટ વિકસાવાશે.અલગ અલગ વિસ્તારમાં આવેલી ખાનગી મિલકતો ઉપર વૃક્ષારોપણને પ્રોત્સાહન અપાશે. કલાઈમેટ ચેઈન્જના પડકારોને પહોંચી વળવા તથા શહેરના ગ્રીન કવરમા વધારો કરવા અર્બન ગ્રીનીંગ પોલીસી મેઝર્સ ફોર ગ્રીનર અમદાવાદ તૈયાર કરવામા આવી છે.સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન દેવાંગ દાણીએ કહ્યું,શહેરમા આવેલા હયાત વૃક્ષોની જાળવણી ઉપરાંત સર્વાઈકલ રેટ વધારવા પબ્લિક પાર્ટીસીપેશનના આધારે અર્બન ગ્રીનીંગ પોલીસીનો અમલ કરવામા આવશે.શહેરના અલગ અલગ વિસ્તારમાં નવા બગીચા બનાવવાની સાથે ઓકિસજન પાર્ક, રેઈન ગાર્ડન,રૂફટોપ ગાર્ડન, લેક ગાર્ડન, અર્બન ફોરેસ્ટ, ઈકોલોજીકલ પાર્ક, બાયો ડાયવર્સિટી પાર્ક વિકસાવાશે. વિવિધ પ્લોટ તથા ખુલ્લી જગ્યામાં મિયાવાકી પ્લાન્ટેશનની સાથે ડેન્સ પધ્ધતિથી પ્લાન્ટેશન કરવા સહીતના આયોજન કરવામા આવશે.

## પોલીસની છત્રછાયામાં અમદાવાદમાં સ્પાના સંચાલકો બેફામ બન્યા

। પ્રતિનિધિ, અમદાવાદ, તા.૪ ।

અમદાવાદમાં દરેક વિસ્તારના કોમર્શીયલ વિસ્તારમાં બીજી કોઈ દુકાન ખુલે કે ન ખુલે પણ સ્પા સેન્ટર ચોક્કસ ખુલી જાય છે. જેમાં મસાજના નામે દેહવિક્રયના ગોરખધંધા પોલીસની રહેમનજર હેઠળ ચાલે છે. ત્યારે હવે સ્પામાં ખુદ પોલીસની માલિકીનું પ્રમાણ વધ્યું છે. ત્યારે સીજી રોડ પર આવેલા સ્પા ઈન ધ સીટી નામના મસાજ પાર્લરમાં પિહુ નામની મહિલા સંચાલકે વિદેશી યુવતીઓ અને બહારના રાજ્યની યુવતીઓને થેરાપીસ્ટ તરીકે લાવીને મસાજના નામે દેહવિક્રયનો કારોબાર શરૂ કર્યો છે. જેમા પોલીસ સાથે સીધુ સેટીંગ હોવાની ખાતરી ગ્રાહકને આપવામાં આવતી હોવાનો વિડીયો વાયરલ થયો છે.જેમાં સ્પા ઈન ધ સીટીમાં રીસ્પેશન કામ કરતી ટોકન પેટે કાઉન્ટર પર ૧૫૦૦થી ૨૦૦૦ જમા કરાવીને મસાજ રૂમમાં મોકલીને અંદર યુવતીઓ કો-ઓપરેટીવ હોવાની ખાતરી આપે છે. પરંતુ, ફુલ સર્વિસનો ભાવ અંદર રહેલી યુવતી નક્કી કરશે તેમ કહે છે. સ્પા સેન્ટરમાં કામ કરતી યુવતી ગ્રાહકો પાસે ૩૫૦૦થી ૭૦૦૦ની રકમ વસુલે છે.

## અમદાવાદમાં કરુણાંતિકા : નારણપુરા રેલવે ફાટક પર ટ્રેનની અડફેટે આવતા બેના મોત

। પ્રતિનિધિ, અમદાવાદ, તા.૪ ।

અમદાવાદના નારણપુરા વિસ્તારમાં એક અત્યંત દુઃખદ અને હૃદયદ્રાવક ઘટના સામે આવી છે. નારણપુરા આદર્શ નગર પોલીસ ચોકી પાસે આવેલા રેલવે ફાટક પર ટ્રેનની અડફેટે આવતા બે વ્યક્તિઓના કરૂણ મોત નીપજ્યા છે. આ અકસ્માતમાં મોબાઈલ ફોન પર વાત કરવાની બેદરકારી જાનલેવા સાબિત થઈ હોવાનું પ્રાથમિક દ્રષ્ટિએ જણાઈ રહ્યું છે.મળતી માહિતી મુજબ, નારણપુરાના આદર્શ નગર પોલીસ ચોકી પાસેના રેલવે ટ્રેક પરથી પસાર થતી વખતે બે વ્યક્તિઓ ટ્રેનની અડફેટે આવી ગયા હતા. મૃતકો પૈકી એકની ઓળખ ૪૭ વર્ષીય સત્યજિત શ્રીમાળી તરીકે થઈ છે. પ્રત્યક્ષદર્શીઓ અને મળતી વિગતો અનુસાર, જ્યારે આ અકસ્માત સર્જાયો ત્યારે સત્યજિતનો મોબાઈલ ફોન ચાલુ હતો અને તેઓ કોઈની સાથે વાતચીતમાં મશગૂલ હતા. ફોન પર વાત કરતી વખતે ટ્રેનનો અવાજ ન સંભળાતા અથવા ધ્યાન ભટકતા તેઓ ટ્રેનની લપેટમાં આવી ગયા હતા અને સ્થળ પર જ તેમનું મોત નીપજ્યું હતું.

આ અકસ્માતમાં સત્યજિતની સાથે અન્ય એક વ્યક્તિનું પણ મોત થયું છે. રેલવે ટ્રેક ઓળંગતી વખતે થયેલી આ ગંભીર ભૂલને કારણે પરિવારોએ પોતાના સ્વજન ગુમાવ્યા છે. ઘટનાની જાણ થતા જ આસપાસના લોકો એકઠા થઈ ગયા હતા અને સ્થાનિક પોલીસ તેમજ રેલવે પોલીસને જાણ કરવામાં આવી હતી. પોલીસે ઘટનાસ્થળે પહોંચીને મૃતદેહોને પોસ્ટમોર્ટમ માટે ખસેડવાની તજવીજ હાથ ધરી હતી અને અકસ્માતનો ગુનો નોંધી વધુ તપાસ શરૂ કરી છે. અમદાવાદના નારણપુરા વિસ્તારમાં એક અત્યંત દુઃખદ અને હૃદયદ્રાવક ઘટના સામે આવી છે. નારણપુરા આદર્શ નગર પોલીસ ચોકી પાસે આવેલા રેલવે ફાટક પર ટ્રેનની અડફેટે આવતા બે વ્યક્તિઓના કરૂણ મોત નીપજ્યા છે.






## તંત્રી લેખ..

# કુપોષણનુ દુષણ જારી

ભારતમાં સ્વતંત્રતાના ૭૫ વર્ષ બાદ પણ કુપોષણનુ દુષણ રહ્યુ છે જે ચિંતાની બાબત છે. દેશમાં તમામ સરકારો આ દુષણને રોકવા માટે વિવિધ પગલા લેતી રહી છે પરંતુ આ દુષણ હજુ જારી રહ્યુ છે. એકબાજુ ભારત દુનિયાના બીજા સૌથી મોટા ખાદ્યાન્ન ઉત્પાદક દેશ તરીકે છે તો બીજી બાજુ કુપોષણના આંકડા વિચારણા કરવા માટે મજબુર કરે છે. વિકાસના તમામ મોટા મોટા દાવા છતાં ભારત હજુ પણ ભુખમરા અને ગરીબી જેવી મુળભુત સમસ્યામાં ગ્રસ્ત છે. આ બંને સમસ્યાને દુર કરવાના પ્રયાસ યુદ્ધના સ્તરે કરવામાં આવી રહ્યા હોવા છતાં પરિણામ ૧૦૦ ટકા મળી રહ્યા નથી. સમય સમય પર થનાર અભ્યાસમાં દાવો કરવામાં આવ્યો છે કે તમામ પ્રકારની સારી યોજનાઓની જાહેરાત કરવામાં આવી હોવા છતાં દેશમાં ભુખમરા અને ગરીબી પર લગામ લગાવી દેવામાં સફળતા મળી નથી. વર્તમાનમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં સરકાર દ્વારા વ્યાપક સ્તર પર ખાદ્ય સુરક્ષા અને ગરીબી વિરોધી કાર્યક્રમ ચલાવી દેવામાં આવ્યા છે. તેમ છતાં પુરતા પ્રમાણમાં પરિણામ મળી રહ્યા નથી. તમામ પ્રકારની યોજનાનો લાભ લેનાર લોકો અને નહીં લેનાર લોકોની સંખ્યામાં ખુબ અંતર છે. જે સાબિત કરે છે કે પ્રાથમિકતાના સ્તર પર કમી જોવા મળે છે. દેશમાં એક તૃતિયાંશ કરતા વધારે બાળકો આજે પણ કુપોષણના શિકાર થયેલા છે. અમે ખુશ થઈ શકીએ છીએ કે છેલ્લા એક દશકના ગાળામાં કુપોષણમાં ઘટાડો થયો છે. પરંતુ સંપૂર્ણ ચિત્ર પર નજર કરવામાં આવે તો હજુ નિરાશા હાથ લાગે છે. ખુશી સ્થાયી થઈ શકે તેમ નથી. સામાન્ય રીતે અમારે ત્યાં સામાન્ય કુપોષણગંભીર રીતે કુપોષણ એક મહામારી તરીકે દેખાય છે. કુપોષણ ભારતમાં એક મહામારીની જેમ મોટી સંખ્યામાં બાળકોને તેના સકંજામાં આવી લે છે. આ સમસ્યાને હાથ ધરવા માટે જે પગલા લેવામાં આવી રહ્યા છે તે પગલા પુરતા અસરકારક સાબિત થઉ રહ્યા નથી. ભુખમરાની સામે લડાઈમાં કેન્દ્ર સરકાર, રાજ્ય સરકારો, વૈશ્વિક સંગઠનો અને સ્થાનિક તંત્ર પોત પોતાની રીતે કામ કરે તે જરૂરી છે. તમામ સંબંધિતો પોત પોતાના કાર્યક્રમોને વધારે સારા સ્વરૂપમાં રજૂ કરવામાં આવે તે જરૂરી છે. કેટલાક રિપોર્ટ તો સાફ શબ્દોમાં ઈશારો કરે છે કે પુરતા પ્રમાણમાં પોષણની ખાતરી કરવામાં દેશ નિષ્ફળ છે. અલબત્ત કુપોષણના સ્તરને ઘટાડી દેવા માટેના પ્રયાસમાં કેટલાક સ્તરમાં ઘટાડો થયો છે. ગંભીર રીતે કુપોષણનો શિકાર રહેલા બાળકોની ટકાવારી વર્ષ ૨૦૦૫-૦૬માં ૪૮ ટકા હતી તે હવે ઘટીને ૨૦૧૫-૧૬માં ૩૮.૪ ટકા જેટલી થઈ હતી. ભારતમાં પાંચ વર્ષથી નીચેની વયના બાળકોમાં કુપોષણનુ પ્રમાણ ૩૫.૭ ટકાની આસપાસ છે. જેમાં બિહારમાં સંખ્યા સૌથી વધારે ૪૮.૩ ટકાની આસપાસ છે. ત્યારબાદ ઉત્તરપ્રદેશ, ઝારખંડ, મેઘાલય અને અન્ય રાજ્યો આવે છે. કુશળ મેનેજમેન્ટવાળા રાજ્યોમાં કેરળ, ગોવા, મેઘાલય તમિળનાડુ અને અન્ય રાજ્યો છે. જે રાજ્યોમાં સરકાર પરિવાર નિયોજન, જન્મ આરોગ્ય કાર્યક્રમની અવગણના કરી રહી છે ત્યાં કુપોષણની સમસ્યા સૌથી વિકટ અને ગંભીર બનેલી છે.

# શારરિક કસરતને લઇને લાપરવાહી



હાલમાં જ કરવામાં આવેલા એક રસપ્રદ અને વ્યાપક અભ્યાસમાં જાણવા મળ્યુ છે કે દેશની અડધીથી વધારે વસ્તીનો શારરિક પ્રવૃતિ અથવા તો ફિજિકલ એક્ટિવિટીમાં કોઈ રસ નથી. દેશના અડધા લોકો શારરિક ગતિવિધીથી દુર રહેવાનુ પસંદ કરે છે. એટલે કે આળસ રાખે છે. ૧૦ ટકાથી પણ ઓછા લોકો એવા છે જે મનોરંજન તરીકે શારરિક ગતિવિધીમાં સામેલ રહે છે. આસીએમઆરના ડેટામાં આ બાબતનો ખુલાસો થયો છે. જો કે કેટલાક લોકો આ ખુલાસા સાથે સહતમ નથી. તેમની દલીલ છે કે આધુનિક ભારતમાં લોકો શારરિક ફિટનેસને લઈને વધારે સાવધાન થઈ રહ્યા છે. દિલ્હી સ્થિત પ્રાઈમસ સુપર સ્પેશિયાલિસ્ટ હોસ્પિટલ ઓર્થોપેડિક્સ અને જોઈન્ટ રિપ્લેસમેન્ટ વિભાગના તબીબો કહે છે કે આધુનિક સમયમાં આર્થરાઈટિસ જેવી જોડની તકલીફ હવે વય સુધી મર્યાદિત રહી નથી. શારરિક રીતે કામ ન કરવાની બાબત પણ આ બિમારીના બોઝને વધારી દેવામાં ભૂમિકા અદા કરે છે. ડબલ્યુએચઓના રિપોર્ટમાં ખુલાસો કરવામાં આવ્યો છે કે દુનિયાભરમાં પાંચમાંથી એક પુખ્તવયના લોકો અને પાંચમાંથી ચાર કિશોર વયના લોકો શારરિક ગતિવિધી કરતા નથી. જેના કારણે હેલ્થ કેરપર ૫૪ અબજ ડોલરની સીધી અસર થઈ રહી છે. તબીબો કહે છે કે આઈસીએમઆરના આંકડા દર્શાવે છે કે ૫૪.૪ ટકા લોકો શારરિક ગતિવિધી કરવામાં રસ ધરાવતા નથી. આ સરકારી એજન્સી દ્વારા કરવામાં આવેલા અહેવાલમાં દાવો કરવામાં આવ્યો છે કે લોકો યાત્રા અને મનોરંજન સાથે જોડાયેલી શારરિક ગતિવિધીની તુલનામાં કામમાં વધારે સમય પસાર કરે છે. આળસી જીવનશેલી, કસરત ન કરવાની બાબત અથવા તો કોઈ પ્રોફેશનલની દેખરેખ વગર કસરત કરવાથી યુવાના જોડમાં લિગામેન્ટમાં તકલીફ પડે છે. જેમ જેમ અમારી વય વધે છે અમારા શરીરમાં કામ કરવાની ક્ષમતા ઘટતી જાય છે. અમારા શરીરમાં હાડકા ફરી બનવા અને રિપેયર થવાની ક્ષમતા ઓછી થવા લાગી જાય છે. અમારા ઘુટણમાં મુલાયમ ટિશ્યુ હોય છે જેને કાર્ટિલેજ કહેવામાં આવે છે. જે માંસપેશિયાઓને ટેકો આપે છે. જેના કારણે શારરિક ગતિવિધી કરતી વેળા સરળતા મળે છે.આ એક પ્રકારથી શોક ઓબ્ઝર્વર તરીકે કામ કરે છે. સમયની સાથે આ મુલાયમ ટિશ્યુ ઘસી જાય છે. જેના કારણે જોડમાં જગ્યાઓ બનતી જાય છે. કાર્ટિલેજના ડિજરનેશનના કારણે આર્થરાઈટિસ થવા લાગી જાય છે. તાજેતરમાં જ કરવામાં આવેલા એક રસપ્રદ અભ્યાસમાં જાણવા મળ્યું છે કે દિવસમાં ૧૫ મિનિટ સુધી કસરત લાઈફમાં ત્રણ વર્ષનો ઉમેરો કરે છે. તાઈબાનમાં તાજેતરમાં જ કરવામાં આવેલા અભ્યાસમાં આ મુજબની બાબત જાણવા મળી છે. અભ્યાસાં એમ પણ જણાવવામાં આવ્યું છે કે મોટાભાગના લોકો ૩૦ મિનિટ સુધીની કસરત કરે તો તેમના લાઈફમાં ઉમેરો કરી શકે છે. અભ્યાસમાં એવું પણ જાણવા મળ્યું છે કે સપ્તાહમાં પાંચ દિવસ કસરત કરવાથી પણ ફાયદો મળે છે. નિષ્ણાંતોએ કહ્યું છે કે ઓછા ડોઝના કારણે ઓછો ફાયદો થાય છે પરંતુ નિયમિત રીતે ૩૦ મિનિટ સુધી કસરત ખૂબ જ આદર્શ છે. લીડ રિચર્સર તાઈવાનના સીપેગે કહ્યું છે કે દિવસમાં ૧૫ મિનિટ સુધીની કસરતથી પણ ફાયદો થાય છે. વોકીંગથી પણ ફાયદો થાય છે. તાઈવાનની નેશનલ હેલ્થ રિચર્સ ઈન્સ્ટ્રીટ્યુટના પેંગે કહ્યું છે કે પુરુષો, મહિલાઓ, યુવાનો અને વૃદ્ધ લોકો તેમજ ધૂમ્રપાન કરનાર લોકો તથા અસ્વસ્થ રહેતા લોકો માટે પણ નિયમિત પણે કસરત ખૂબ જ ઉપયોગી છે. જ્યારે પણ દર્દીઓ કોઈ ખાસ તકલીફના દર્દીને જુએ છે ત્યારે વોકીંગની સલાહ આપે છે અથવા તો તેને હળવી કસરતની સલાહ આપે છે. મેડીકલ જનરલમાં પ્રકાશિત થયેલા તેમના તારણોમાં જણાવવામાં આવ્યું છે કે ૪૧૬૦૦૦ લોકોને આવરી લઈને આ સર્વે કરવામાં આવ્યો હતો જેમાં મોટાભાગના લોકોના મત જાણવામાં આવ્યા હતા. તેમના આરોગ્ય અંગે પણ પ્રશ્નો કરવામાં આવ્યા હતા. હાલમાં કરવામાં આવેલા અભ્યાસમાં જણાવવામાં આવ્યું છે કે ૧૫ મિનિટ કસરતથી ઉપયોગી ફાયદો થાય છે. દરરોજની કસરત કેન્સરના જોખમને ઘટાડવામાં ઉપયોગી સાબિત થાય છે.



**આજકાલ**

લેખક : દીપક જગતાપ

**૨૪મે શીતળાના રોગથી વિશ્વને મૂક્ત કરાવનાર ડો.એડવર્ડ જેનરને સલામ**

**કોરોનાને કાબુમાં લેવા માટે દુનિયાભરના સંશોધકો રસી સંશોધન પર કામ કરી રહ્યાં છે. એ રસીકરણની શરૂઆત સવા ત્રણસો વર્ષ પહેલાં એડવર્ડ જેનરે કરી હતી. એડવર્ડ જેનરે ૧૭૯૮માં રસીકરણ વડે રોગ અટકાવી શકાય તેની શોધ કરી.**

# શીતળાના રોગથી વિશ્વને મૂક્ત કરાવનાર ડો.એડવર્ડ જેનરને સલામ

**૧૯૬૭માં WHOએ રોગ નાબુદી માટે પ્રયત્ન આદર્યા. નાબુદી કરી શકાયેલા માત્ર બે ચેપી રોગો પૈકી એક શીતળા છે. તેના અંગ્રેજી નામ સ્મોલપ ોક્સનો ઉપયોગ ૧૬મી સદીના બ્રિટનમાં શરૂ થયેલ જ્યારે સિફિલિસને ગ્રેટપોક્સ કહેવાતો.**

કોરોનાને કાબુમાં લેવા માટે દુનિયાભરના સંશોધકો રસી સંશોધન પર કામ કરી રહ્યાં છે. એ રસીકરણની શરૂઆત સવા ત્રણસો વર્ષ પહેલાં એડવર્ડ જેનરે કરી હતી. એડવર્ડ જેનરે ૧૭૯૮માં રસીકરણ વડે રોગ અટકાવી શકાય તેની શોધ કરી. ૧૯૬૭માં WHOએ રોગ નાબુદી માટે પ્રયત્ન આદર્યા. નાબુદી કરી શકાયેલા માત્ર બે ચેપી રોગો પૈકી એક શીતળા છે તેના અંગ્રેજી નામ સ્મોલપોક્સનો ઉપયોગ ૧૬મી સદીના બ્રિટનમાં શરૂ થયેલ જ્યારે સિફિલિસને ગ્રેટપોક્સ કહેવાતો નાબુદી કરી શકાયેલા માત્ર બે ચેપી રોગો પૈકી એક શીતળા છે.



તેના અંગ્રેજી નામ સ્મોલપોક્સનો ઉપયોગ ૧૬મી સદીના બ્રિટનમાં શરૂ થયેલ જ્યારે સિફિલિસને ગ્રેટપોક્સ કહેવાતો. અન્ય અંગ્રેજી નામોમાં પોક્સ, સ્પેકલ્ડ મોન્સ્ટર અને રેડ પ્લેગનો સમાવેશ થાય છે. અઢારમી સદીના મધ્યભાગમાં યુરોપમાં કાઉપોક્ષ નામનો રોગ ગાયોમાં સંક્રાંત થયા પછી વિશાળ માત્રામાં માણસોમાં ફેલાતો હતો. 'વાકા' લેટિન શબ્દો અર્થ ગાય થાય છે, જે પરથી વેસિનિટ આ રોગ માટે જાણીતો શબ્દ બન્યો. અગાઉ શીતળાના રોગથી ઘણા લોકોના મૃત્યુ થયા હતા. જે સઘન રસીકરણ પછી હવે વિશ્વમાં ક્યાય શીતળાનો રોગ દેખાતો નથી. તેનો શ્રેય શીતળાની રસીના શોધક ડો.એડવર્ડ જેનરના ફાળે જાય છે. વિશ્વ આરોગ્ય સંસ્થા (ડબલ્યુએચઓ)ના ૧૯૬૭માં બહાર પાડેલા એક ચોંકાવનારા સર્વેક્ષણ-સંશોધન મુજબ અઢારમી સદીના અંત સુધીમાં યુરોપ અને અમેરિકાના કુલ છ કરોડ લોકો એકલા શીતળાના રોગથી માર્યા ગયા હતા. ૧૭૨૧માં એમેરિકાના બોસ્ટન શહેરની અડધી વસ્તી શીતળા ગ્રસ્ત હતી, જેમાં દસે એક વ્યક્તિ આ મહામારીમાં મૃત્યુ પામી હતી. ૧૭૪૯માં ઈંગ્લેન્ડના ગ્લોટશાયર કસબામાં એક પાદરી પિતાના ઘરે જન્મેલા, એડવર્ડ જેનરે ચિકિત્સાશાસ્ત્રનું વ્યવહારિક જ્ઞાન લંડનના સેન્ટ જ્યોર્જ હોસ્પિટલમાંથીએ સમયના મહાન સર્જક જોન હન્ટરના માર્ગદર્શન નીચે મેળવ્યું હતું. વેસિનિયાએ ગહન અધ્યયન અને સંશોધન પોતાના પરામર્શદાતા અને પથદર્શક ગુરૂ ડો.જોન હન્ટરના માર્ગદર્શન નીચે કર્યું. બધા મળીને કુલ ૨૭ કાઉપોક્ષ રોગીઓનો ક્રમીક ઈતિહાસ અને વિવિધ પરીક્ષણો કર્યા. તેઓએ નોંધ્યું કે કાઉપોક્ષના દર્દીઓને શીતળાનો રોગ થયો નહી. કેટલાક રોગગ્રસ્ત દર્દીઓની ભુજા પર શીતળાના કીટાક્ત દ્રવ્યો (વાઈરસયુક્ત પ્લાઝમા)ને ઈજેક્ટ કરીને જોયું કે તેમને શીતળાનો રોગ બિલકુલ થયો નહીં. ૧૭૯૬માં ડો.જેનરે એક મહત્વના પરીક્ષણ માટે જેમ્સ ફિપ્પ નામના આઠ વર્ષના એક બાળકને તેના માતા-પિતાની મંજૂરી લઈને શીતળાની રસીના મહત્વપૂર્ણ નિર્ણાયક પરીક્ષણ માટે તૈયાર કર્યો. કાઉપોક્ષના વાઈરસનો તેના શરીરમાં દાખલ કરી બિમાર બનાવ્યો. થોડા સમય પછી શીતળાના વાઈરસને તેના શરીરમાં દાખલ કરી નિરીક્ષણ કર્યું તો માલૂમ પડયું કે બાળકને શીતળાનો રોગ બિલકુલ લાગુ ન પડયો. બ્રિટીશ સરકારે તેમને માનવ કલ્યાણ અર્થે શોધેલી શીતળા વિરોધી રસીના સંદર્ભે નાઈટહુડ ખિતાબ તથા સમગ્ર વિશ્વે તેમનું અમુલ્ય બહુમાન કર્યું. ૧૮૦૦થી ૧૯૪૭ સુધી બ્રિટીશ સરકારે પબ્લીક હેલ્થ અને વેકિસનેસન પોલીસી અંતર્ગત ભારતમાં જન્મતા પ્રત્યેક બાળકને શીતળાની રસી મુકવાનો કાર્યક્રમ ઘડયો. સ્વતંત્ર ભારતમાં ઈન્ડીયન નેશનલ સ્મોલ-પોક્ષ ઈરેડિકેશન પ્રોગ્રામ તળે ભારત સરકારે રસીકરણના ભગીરથ પ્રયત્નો કર્યા. ૧૯૪૭થી ૧૯૭૭ સુધી કંટ્રોલ અને ઈરેડિકેશન પ્રોગ્રામ ઓફિ સ્મોલપોક્ષ અંતર્ગત વિશ્વ આરોગ્ય સંસ્થાએ વિશાળ માત્રામાં પ્રત્યેત ઘરે ઘરે ફરીને રસીકરણ કર્યા, જેની ફુલશ્રુતિ સ્વરૂપે ૧૯૭૭માં ભારતમાંથી અને સમગ્ર વિશ્વમાંથી શીતળાનો મહાવિનાશક ચેપ ગ્રસ્ત રોગ સદાયને માટે વિદાય થઈ ગયો. શીતળાનો ઈતિહાસ દસેક હજાર વર્ષ પુરાણો છે. ઈજિપ્તના રાજવી રામસે પંચમાનુ મમી ખોલ્યું, ત્યારે તેના ચહેરા પર પણ શીતળાના ચિહ્નો હતા. ચીનના પ્રાચીન ગ્રંથો અને આપણા સંસ્કૃત પાઠોમાં શીતળાનો ઉલ્લેખ છે. એટલે કે સદીઓ સુધી ધરતીના સાતેય ખંડો પર રાજ કરવાનું કામ આ રોગચાળાએ કર્યું હતું. પણ એડવર્ડ જેનરે શોધેલાં બે ટીપાંએ હજારો વર્ષ જૂનો શીતળાનો ઈતિહાસ મીટાવી દીધો. એડવર્ડ જેનરે શીતળાની રસી બનાવી જેનાથી એ વખતે જગતમાં દર વર્ષે લગભગ ચાર લાખ લોકો મૃત્યુ પામતા હતા. ઈંગ્લેન્ડનાં તો પાંચ રાજવીઓ શીતળાને કારણે સ્વર્ગ-નર્કમાં પહોંચી ગયા હતા. ૧૭૨૧માં અમેરિકાના બૉસ્ટન શહેરમાં શીતળાનો રોગચાળો ફેલાતા શહેરની અડધી વસતીને ચેપ લાગ્યો હતો. જેને શીતળા થાય એ પૈકીના ત્રીજા ભાગના દરદી જીવ ગુમાવતા હતા અને જે જીવતા એ કદરૂપા બની જતાં. શીતળાના ચાંઠા તેની કાયાને કંચનમાંથી કથીર જેવી બનાવી દેતાં હતાં. ભારતમાં શીતળાનો ત્રાસ અને તેની માન્યતાઓ કંઈ અજાણી નથી. એવા સંજોગો હતા ત્યારે એડવર્ડે માત્ર શીતળાની રસી શોધી એવુ નથી, રસીકરણની શરૂઆત જ તેમણે કરી. આજે વપરાતો શબ્દ 'વેક્સિનેશન' પણ તેમની જ દેન છે. લેટિન શબ્દ 'વાકા'નો અર્થ 'ગાયમાંથી આવેલું' એવો થતો હતો. તેના પરથી એડવર્ડે શબ્દ આપ્યો જેનરની મેથડ ઈંગ્લેન્ડ બહાર નીકળી યુરોપના અન્ય દેશોમાં ફેલાઈ ગઈ. યુરોપભરના ડૉક્ટરો એડવર્ડને પત્ર લખી રસી મંગાવવા લાગ્યા, શીતળાના દરદીઓને આપવા લાગ્યાં અને ઠેર ઠેર તેનાં સારાં પરિણામો આવવા લાગ્યાં. એટલાન્ટિક પાર કરીને રસી અમેરિકા પહોંચી.



**નાગરિકોને શ્વાસ લેવા માટે સ્વચ્છ હવા આપવાનો પડકાર છે**

**શહેરમાં વાયુ પ્રદુષણ તેની ભૌગોલિક સ્થિતીના કારણને પણ વધી જાય છે તેના ઉત્તર અને પૂર્વમાં સ્થિત પહાડોના કારણે વાતાવરણમાં એક પ્રકારની સપાટી ઉભી કરી નાંખે છે જે પ્રદુષણને પોતાની અંદર આવરી લે છે**

# વાયુ પ્રદુષણ સંકટનો પણ ઉકેલ છે

**જો અમેરિકાના અનુભવને લઇને શીખી શકીશુ તો જે સિદ્ધી હાંસલ કરવામાં ૪૦ વર્ષ લાગ્યા તેને ઓછા સમયમાં હાંસલ કરી શકાશે**

બીજા વિશ્વ યુદ્ધના ગાળા દરમિયાન વર્ષ ૧૯૪૩માં એક દિવસે સવારે લોસએન્જલસમાં લોકો ઉઠ્યા ત્યારે તેમની આંખોમાં બળતરા થઈ રહ્યા હતા. હવામાં બ્લીચની અસર જોવા મળી રહી હતી. નજર એટલી કમજોર પડી ગઈ હતી કે કેટલાક દુરના બ્લોક જ દેખાઈ રહ્યા હતા. કેટલાક લોકોને એ વખતે લાગ્યુ હતુ કે શહેર પર હુમલો કરવામાં આવી ચુક્યો છે. ટુંક સમયમાં જ સ્પષ્ટતા કરવામાં આવી કે કોઈ બહારના તત્વના કારણે નહીં બલ્કે કારખાના અને વાહનોના કારણે આ ધુમાડાની અસર જોવા મળી રહી છે. વાયુ પ્રદુષણની સાથે લોસએન્જલસની આ લાંબી લડાઈની માત્ર શરૂઆત હતી. શહેરમાં વાયુ પ્રદુષણ તેની ભૌગોલિક સ્થિતીના કારણને પણ વધી જાય છે. તેના ઉત્તર અને પૂર્વમાં સ્થિત પહાડોના કારણે વાતાવરણમાં એક પ્રકારની સપાટી ઉભી કરી નાંખે છે. જે પ્રદુષણને પોતાની અંદર આવરી લે છે. જો કે તેની પ્રકૃતિ અલગ પ્રકારની રહેલી હતી. વર્ષ ૧૯૪૮માં આવા જ પ્રકારના પ્રદુષણના કારણે પેનસિનલ્વેનિયાના નાના શહેર ડોનોરામાં ૨૦ લોકોના મોત થઈ ગયા હતા. સાથે સાથે આ શહેરની વસ્તી



પૈકી અડધી વસ્તી બિમાર થઈ ગઈ હતી. આવી જ રીતે વર્ષ ૧૯૫૩માં છ દિવસ સુધી ન્યુયોર્ક શહેરમાં ટકી ગયેલા સ્મોગના કારણે ૨૩૦ લોકોના મોત થઈ ગયા હતા. દુષિત હવાના કારણે અમેરિકામાં પહેલાથી જ લોકોના મોત થઈ રહ્યા હતા. પરંતુ વર્ષ ૧૯૫૫માં યુનાઈટેડ સ્ટેટ ઓફ અમેરિકાએ તેના પ્રથમ બંધારણીય વાયુ પ્રદુષણ કાનુન પસાર કરીને નવી લડાઈની શરૂઆત કરી હતી. ત્યારબાદ કોંગ્રેસે ૧૯૭૦માં ક્લીન એર એક્ટ બનાવવામાં ૧૫ વર્ષ બીજા લાગી ગયા હતા. ત્યારબાદ બાજ નજર અને સાવચેતીના પગલા લેવામાં આવ્યા હતા. પરિણામે ૧૯૭૦થી લઈને ૨૦૧૭ સુધી છ સામાન્ય પ્રદુષક તત્વોના કુલ રાષ્ટ્રીય ઉત્સર્જન સરેરાશ ૭૩ ટકા ઘટી જતા તેના સારા પરિણામ હાથ લાગ્યા હતા. આજે અમેરિકા કેટલાક એવા દેશોમાં સામેલ છે જ્યાં હવા દુનિયામાં સૌથી વધારે સ્વચ્છ છે. સમય લાગ્યો પરંતુ એક સાર્થક પરિવર્તનની દિશામાં પગલુ લેવાયુ હતુ. આજે ભારત એજ પડકાર અને સમસ્યાનો સામનો કરે છે જે સમસ્યાનો સામનો અમેરિકાએ ભુતકાળમાં કર્યો હતો. જો ભારત અમેરિકાના અનુભવને લઈને શીખે છે તો તેને ફાયદો થઈ શકે છે. ભારતમાં અમેરિકાના રાજદુત કેનેથ જસ્ટરે કહ્યુ છે કે જે સિદ્ધી હાંસલ કરવામાં અમને ૪૦ વર્ષ લાગ્યા તેને હાંસલ કરવામાં ભારત ઓછા સમયમાં સમસ્યાનો ઉકેલ શોધી શકે છે. માત્ર ઈચ્છાશક્તિ એટલી રાખવી પડશે કે અમને અમારા નાગરિકોને સ્વચ્છ હવા આપવાની છે. મજબુત ઈચ્છાશક્તિ વગર આ સમસ્યા અને પડકારને પાર પાડી શકાશે નહીં. અમે જે બોધપાઠ લઈ ચુક્યા છીએ તે નાના હતા. સૌથી પહેલા તો વૈજ્ઞાનિક સમજદારી વિકસિત કરવાની જરૂર છે. વાયુ પ્રદુષણ કેમ થાય છે તે સમજી લેવાની જરૂર છે. સ્વચ્છ વાયુ બનાવવા કાનુન કઈ રીતે તૈયાર કરવામાં આવે. ટેકનોલોજી પણ આ જ રીતે વિકસિત કરવામાં આવે તે જરૂરી છે. વાયુ પ્રદુષણ એક લાંબા ગાળાના પડકાર તરીકે છે જેથી આયોજન પણ જરૂરી છે. લોસ એન્જલસના આધાર પર બોધપાઠ લઈ શકાય છે. હવાને સ્વચ્છ કરવાના પ્રયાસો અવિરત જારી રાખવામાં આવી રહ્યા છે. જાણકાર લોકો કહે છે કે સ્વચ્છ હવાના આર્થિક લાભ માત્ર સારા આરોગ્ય અને ઉત્પાદકતા સુધી મર્યાદિત નથી. સ્વચ્છ હવા પેદાશમાં પણ વધારો કરે છે. જેના કારણે ખેડુતો અને વન્ય કર્મચારીઓને ફાયદો થાય છે. તે પ્રવાસ અને મનોરંજન તેમજ સ્વસ્થ જીવન માટે પણ પ્રોત્સાહન આપે છે. ઈપીએના તાજેતરના એક અભ્યાસમાં દાવો કરવામાં આવ્યો છે કે સ્વચ્છ હવા જુદી જુદી રીતે રીતે સીધો ફાયદો કરાવે છે. લોસએન્જલસની હવાની ગુણવત્તા હાલના વર્ષોમાં જે રીતે બગડી ગઈ છે તેના પર વૈજ્ઞાનિક રીતે પૂર્ણ રીતે અંકુશ મુકવાની બાબત સરળ નથી. છતાં હવાની ગુણવત્તા પર નજર રાખવામાં આવી રહી છે. સાથે સાથે આ પડકારને પહોચી વળવાના તમામ પ્રયાસો પણ કરવામાં આવી રહ્યા છે. એવી ધારણા પણ રહેલી છે કે વાયુ પ્રદુષણને ઘટાડી દેવાથી આર્થિક વૃદ્ધિ પર પ્રહાર થાય છે. અમારા અનુભવ આને સમર્થન આપતા નથી. અમેરિકાના સવારી વાહનો વર્ષ ૧૯૬૦ના દશકની કારની તુલનામાં ૯૮થી ૯૯ ટકા વધારે સ્વચ્છ છે. અને હવાની ગુણવત્તામાં સુધારો થઈ રહ્યો છે. જ્યારે પહેલા કરતા વધારે લોકો આજે વાહનો ચલાવી રહ્યા છે. અમેરિકામાં લેવામાં આવી રહેલા પગલાના કારણે કાર અને અન્ય વાહનોના કારણે થનાર પ્રદુષણમાં પણ ઘટાડો થઈ રહ્યો છે. અમેરિકામાં હવાની ગુણવત્તાને સુધારી દેવાના પ્રયાસો અવિરત રીતે કરવામાં આવે છે. જેનો લાભ તમામ લોકોને મળતો રહે છે.



**ગળાકાપ સ્પર્ધાનાં સમયમાં દરેક ક્ષેત્રમાં સંતોષજનક દેખાવ જરૂરી**

**કેટલાક કર્મચારી ખરાબ પરફોર્મના કારણે એટલા બધા ડરી જાય છે કે તેઓ આગળ કઇ પણ સારા કામ કરી શકતા નથી ખરાબ પરફોર્મ બાદ પણ પ્લાનિંગની સાથે સુધારા કરી શકાય છે અને આગળ વધી શકાય છે**

# સતત પરફોર્મ સુધારવાની જરૂર

**સુધારા માટે સતત પ્રયાસ કરવા, આગળ વધવાના એટીટ્યુડ રાખવાની બાબત પણ જરૂરી છે : જોબ માટે રીડિઝાઇન કરવાની પણ જરૂર**

સફળતા કઈ રીતે મળી શકે છે તે બાબત ખુબ મહત્વપૂર્ણ બની ગઈ છે. સફળતા હાંસલ કરવા માટે તમામ પ્રયાસો સતત કરવામાં આવે છે. કેટલાક કિસ્સામાં સારા પ્રયાસો છતા પણ સફળતા મળતી નથી. જાણકાર નિષ્ણાંત અને બજારમાં મોટી સફળતા મેળવી ચુકેલા લોકો કહે છે કે પરફોર્મમાં સુધારા કરીને મોટી સફળતા હાંસલ કરી શકાય છે. કેટલાક કર્મચારી ખરાબ પરફોર્મના કારણે એટલા બધા ડરી જાય છે કે તેઓ આગળ કઈ પણ સારા કામ કરી શકતા નથી. ખરાબ પરફોર્મ બાદ પણ પ્લાનિંગની સાથે સુધારા કરી શકાય છે અને આગળ વધી શકાય છે. પરફોર્મમાં સુધારા કરવા માટે કેટલીક બાબતો પર ધ્યાન આપવામાં આવે તે જરૂરી છે. શુ આપના પ્રોફેશનલ પરફોર્મમાં ઘટાડો થયો છે ? શુ તમે તમારી સફળતાથી અસંતુષ્ટ છો ? રિવ્યુને લઈને પણ પ્રશ્નો થતા રહે છે. ધ્યાન રાખવા જેવી બાબત એ છે કે પરફોર્મમાં ઘટાડો થવાનો મતલબ દુનિયાનો અંત નથી. આ આપની પ્રોફેશનલ યાત્રામાં મોટા તબક્કા તરીકે હોઈ શકે છે. આપને ભવિષ્યની સફળતા માટે મોટા પગલા લેવા જોઈએ.

સુધારાના તમામ પ્રયાસ કરવામાં આવે તે જરૂરી છે. આપના પરફોર્મ રિવ્યુ આપના યોગદાન અને અન્ય બાબતો માટે યોગ્ય પિક્ચર નથી. કોઈ એક વ્યક્તિની નજરમાં આપનો દેખાવ કમજોર હોઈ શકે છે. આ પ્રકારના કોઈ એક વ્યક્તિના નિવેદનના કારણે આપની વર્ષની ગતિવિધી અને એક્ટિવીટીસ અને યોગદાનને ગણી શકાય નહીં. તમામ પ્રકારની સ્થિતીને સ્વીકાર કરીને ભવિષ્ય માટે સુધારાત્મક પગલા લેવા માટે કામ કરવામાં આવે તે જરૂરી છે. મજબુતીની સાથે પરફોર્મમાં સુધારા માટે કામ કરવામાં આવે તે જરૂરી છે. જોબની રીડિઝાઈન કરવામાં આવે તે પણ જરૂરી છે. શુ આપની અંદર વર્તમાન રોલને અદા કરવા માટેની યોગ્યતા છે. હોઈ શકે કે આપ ટોપ લેવલના કેડર હો અથવા તો વ્યક્તિગત રીતે યોગદાન આપતો હોય પરંતુ ટીમ લીડર તરીકે નિષ્ફળતા મળી શકે છે. જો જરૂરી યોગ્યતાનો અભાવ દેખાય છે તો જોબને લઈને રીડિઝાઈન કરવામાં આવી શકે છે. જે ચીજો ફિટ બેસતી નથી તે ચીજોને દુર કરી દેવામાં આવે તે જરૂરી છે. પોતાની તાકાત પર કામ કરવામાં આવે તે જરૂરી છે. પ્રોફેશનલ ઈમેજ નબળી હોવાના કારણે પરફોર્મને કમજોર ગણવામાં આવે છે. એવુ બની શકે છે કે બે વર્ષ પહેલા પ્રજેનટેન્શનમાં આપે ન્યુમેરિકલ ભુલ કરી દીધી હોય અને લોકોમાં એવી છાપ ઉભી થઈ ગઈ કે આપના ડેટામાં વિશ્વાસ કરી શકાય તેમ નથી.કોઈ પણ સંસ્થામાં પોતાની સ્ટોરી લાઈનમાં ફેરફાર કરવામાં આવે તે જરૂરી છે. એવા કામ હાથમાં પહેલા લેવા જોઈએ જેના કારણે લોકોમાં વિશ્વાસ જાગી શકે. કર્મચારીઓમાં આત્મવિશ્વાસ જગાવવા માટેના તમામ પ્રયાસો થવા જોઈએ.

શુ તમે ગયા વર્ષે કોઈ બિમારીના કારણે પરેશાન હતા અથવા તો પારિવારિક સમસ્યાના કારણે સંઘર્ષ કરી રહ્યા હતા એવુ પણ બની શકે કે આપે કોઈ ખોટા નિર્ણય કર્યા હોય. અથવા તો ખોટી કંપન જ્વોઈન કરી લીધી હોય. એક પગલુ પાછળ જઈને મોટા પિક્ચર પર ધ્યાન આપવામાં આવે તે જરૂરી છે. અપેક્ષાથી લઈને વાસ્તવિકતા પર ધ્યાન આપવામાં આવે તે જરૂરી છે. જે રીતે કોઈ ક્રિકેટર પાસેથી દરેક મેચમાં સદીની અપેક્ષા રાખી શકાય નહી તેવ જ રીતે તમે દર વર્ષે શાનદાર પરિણામ કેમ આપી શકો છો. આપ સમય સમય પર કંપની દ્વારા આપની પાસેથી રાખવામાં આવી રહેલી અપેક્ષાઓ અને આશા અંગે માહિતી મેળવી શકાય છે. ફિડબેક લેતા રહેવાથી ઘણા સારા કામ થઈ શકે છે. માસિક અને ત્રિમાસિક આધાર પર માહિતી એકત્રિત કરવામાં આવે તે જરૂરી છે. કેટલીક વખત જરૂરી સંશાધનોના કારણે પણ સફળતા મળી શકતી નથી. ઈન્ટર ડિપાર્ટમેન્ટલ સપોર્ટ ન મળવાના કારણે પણ કેટલીક વખત નિષ્ફળતા હાથ લાગે છે. કેટલાક કિસ્સામાં મેનેજરની મદદ મળી શકતી નથી. સિસ્ટમના કામ કરવાના તરીકાના સંબંધમાં માહિતી એકત્રિત કરવામાં આવે તે જરૂરી છે. જુદી જુદી બાબતોને ધ્યાનમાં રાખીને નોકરીની જગ્યાએ અથવા તો કોર્પોરેટ જગતમાં વ્યક્તિ પોતાની ઈચ્છિત સફળતા હાંસલ કરી શકે છે.



Cyber Octet™

CYBER SECURITY AND
ETHICAL HACKING
TRAINING IN AHMEDABAD

BECOME A CYBER SECURITY SPECIALIST
WITH FALGUN RATHOD

## Learn Ethical Hacking & Cyber Security

WHY JOIN CYBER OCTET ?

- LEARN MORE THAN 120 TOPICS UNDER ONE ROOF AT #CYBEROCTET
- TASK AND RESEARCH BASED TRAINING
- 100 % PLACEMENT ASSISTANCE
- LIVE PROJECTS
- INTERNATIONAL ACCREDIATION

TRAINING BY:- THE MOST EXPERIENCED TRAINER "MR.FALGUN RATHOD" LISTED IN INDIA'S TOP 10 ETHICAL HACKERS AND CYBER SECURITY EXPERT

ADVANCED DIPLOMA IN ETHICAL HACKING AND CYBER SECURITY (1 YEAR)

WHO CAN JOIN

STUDENTS | WORKING PROFESSIONALS | BUSINESS OWNERS

Contact Now

C-709,Titanium City Center, Prahladnagar road, Ahmedabad

91 7405321234

info@cyberoctet.com

www.cyberoctet.com




# ભારતની પ્રથમ હાઇડ્રોજન ટ્રેનની ટ્રાયલ સફળ

। એજન્સી, નવી દિલ્હી, તા.૪ ।

ભારતે રેલવે ક્ષેત્રમાં ઈતિહાસ રચ્યો છે, હરિયાણાના જિન્દથી દેશની પ્રથમ હાઇડ્રોજન ટ્રેનની સફળતાપૂર્વક ટ્રાયલ કરવામાં આવી, આઠ ડબા સાથે આ ટ્રેન ૭૦થી ૮૦ કિમીની ઝડપે દોડી હતી. આશરે ૨૦ કિમી સુધી આ ટ્રેનને દોડાવીને તેની ટ્રાયલ કરવામાં આવી હતી, આગામી દિવસોમાં પણ આ જ પ્રકારનું પરિક્ષણ યથાવત રાખવામાં આવશે. ટ્રાયલ પૂર્ણ થઈ ગયા બાદ આમ નાગરિકો માટે તેને સામાન્ય ટ્રેનોની સાથે જ દોડાવવામાં આવશે. હરિયાણાના જિન્દમાં હાઈડ્રોજન પ્લાન્ટ સ્થાપિત કરવામાં આવ્યો છે, જેને પગલે આ વિસ્તારથી હાઈડ્રોજન ટ્રેન પ્રોજેક્ટની શરૂઆત કરવામાં આવી છે જે આગામી દિવસોમાં હાઈડ્રોજન ટ્રેનો માટે દેશનું મુખ્ય કેન્દ્ર સ્થાન બની રહેશે. હાઈડ્રોજન ટ્રેનની અનેક ખાશિયતો છે જેમ કે ટ્રેન બહુ ઘોંઘાટ નથી કરતી, આ ટ્રેનને ભારતમાં જ ડિઝાઈન કરવામાં આવી છે.એક એન્જિન આગળ અને એક પાછળ લગાવવામાં આવ્યું છે. હાલમાં ડીઝલ એન્જિનથી ચાલતી ટ્રેનો પણ સક્રિય છે, જેમાં ગ્રીનહાઉસ ગેસ એમિશન (સીઓ-૨ અને એનઓએક્સ) અને ફોસિલ ફ્યૂલ (હાઈ સ્પીડ ડીઝલ) યોગ્ય રીતે બળી નથી શકતા જેને કારણે પ્રદૂષણ ફેલાય છે. જ્યારે ઈલેક્ટ્રિક ટ્રેનો આ ડીઝલથી ચાલતી ટ્રેનોનો એક વિકલ્પ છે પરંતુ તેને ચલાવવા પાછળ ખર્ચ બહુ થાય છે. ઓવરહેડ લાઈનોના ઈન્ફ્રાસ્ટ્રક્ચર પર વધુ ખર્ચ થાય છે.

ભારત દર વર્ષે ૨.૭ કરોડ ટન એલએનજીની આયાત કરે છે જે પૈકી ૪૦ ટકા ખરીદી કતાર પાસેથી કરવામાં આવે છે

# ભારતની ગેસ કંપનીઓએ ઉદ્યોગોનાં ગેસ પુરવઠામાં ૪૦ ટકા કાપ મૂક્યો । કતારે ગેસનું ઉત્પાદન બંધ કરતા લેવાયેલો નિર્ણય

**કતાર ભારતનો સૌથી મોટો પૂરવઠેદાર દેશ છે. ગયા વર્ષે દેશની એકંદર એલએનજી આયાતમાં ૪૦ ટકા હિસ્સો કતારનો રહ્યો હતો । વિશ્વમાં કતાર એલએનજીનું બીજુ મોટું નિકાસકાર દેશ છે**

। એજન્સી, નવી દિલ્હી, તા.૪ ।

ભારતને સૌથી વધુ કુદરતી ગેસ આયાત કરનાર દેશ કતારે ગેસ પુરવઠા અંગે ફોર્સ મેજ્યોર (અનિવાર્ય પરિસ્થિતિ) જાહેર કરી છે. સૂત્રોનાં જણાવ્યા અનુસાર ઈરાનનાં ડ્રોન હુમલા પછી ઉત્પાદન ઠપ થવાને કારણે આ પગલું ભરવામાં આવ્યું છે. જેના કારણે ભારતીય ઉદ્યોગોને આપવામાં આવતા ગેસ પુરવઠામાં ૪૦ ટકાનો ઘટાડો થઈ શકે છે.ભારત દર વર્ષે ૨.૭ કરોડ ટન લિકવિફાઈડ નેચરલ ગેસ (એલએનજી)ની આયાત કરે છે જે પૈકી ૪૦ ટકા ખરીદી કતાર પાસેથી કરવામાં આવે છે. આ ગેસનો ઉપયોગ વીજળી ઉત્પાદન, ખાતર નિર્માણથી લઈને સીએનજી અને પાઈપવાળુ રસોઈ ગેસ (પીએનજી) જેવા પ્રમુખ ક્ષેત્રોમાં થાય છે. સૂત્રોનાં જણાવ્યા અનુસાર ગેસ આયાત કરનાર કંપની પેટ્રોનેટ એલએનજી લિમિટેડને ગેસ વિતરણ



કંપનીઓને જણાવ્યું છે કે ઈઝરાયેલ અને અમેરિકા દ્વારા કરવામાં આવેલા હુમલાઓનાં જવાબમાં ઈરાન દ્વારા ખાડી દેશો પર કરવામાં આવી રહેલા સતત હુમલાઓને કારણે કતારે પોતાનું એલએનજી ઉત્પાદન બંધ કરી દીધું છે.આ હુમલાઓને કારણે હોર્મુઝ સમુદ્ર માર્ગનાં માધ્યમથી ઓઈલ અને એલએનજીનું પરિવહન બંધ થઈ ગયું છે. જેના કારણે વૈશ્વિક સ્તરે ઓઈલ અને ગેસનાં ભાવમાં ઉછાળો જોવા મળ્યો છે. આ ઉપરાંત યુદ્ધ જોખમ વિમા અને શિપિંગ ખર્ચમાં પણ વૃદ્ધિ જોવા મળી છે. કતાર દ્વારા ઉત્પાદન અટકાવી દેવાતા ભારતની ગેસ પૂરવઠો પૂરો પાડતી કંપનીઓએ ઉદ્યોગોને ગેસ આપવાનું મર્યાદિત કરી નાખ્યું છે. કતાર દ્વારા ઉત્પાદન બંધ કરી દેવાતા પૂરવઠા ખેંચ ઊભી થવા ચિંતા પ્રવર્તી રહી છે.કતારે સોમવારે લિક્વિફાઈડ નેચરલ ગેસ (એલએનજી)નું ઉત્પાદન અટકાવી દીધું હતું. અખાતી દેશો પર ઈરાનના સતત હુમલાને ધ્યાનમાં રાખી કતાર દ્વારા ગેસ ઉત્પાદન અટકાવી દેવાનો નિર્ણય આવી પડયો હતો એમ સ્થાનિક સુત્રોએ જણાવ્યું હતું. ગેસ ઉપરાંત ક્રુડ તેલની ટેન્કરો પણ અટકી પડી છે. હોર્મુઝ સમુદ્રમાર્ગને ઈરાને બંધ કરી દેતા પૂરવઠા પર અસર પડી છે. ભારત એલએનજીનો ચોથો મોટો ખરીદદાર દેશ છે અને એલએનજીની વધુ પડતી આયાત તે પશ્ચિમ એશિયા વિસ્તારમાંથી કરે છે. કતાર ભારતનો સૌથી મોટો પૂરવઠેદાર દેશ છે. ગયા વર્ષે દેશની એકંદર એલએનજી આયાતમાં ૪૦ ટકા હિસ્સો કતારનો રહ્યો હતો. વિશ્વમાં કતાર એલએનજીનું બીજુ મોટું નિકાસકાર દેશ છે.

## રાજ્યસભા ચૂંટણી: ભાજપના ઉમેદવારોનું લિસ્ટ જાહેર, નીતિન નબીન સહિત ૯ નામ

। એજન્સી, બિહાર, તા.૪ ।

ભારતીય જનતા પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષ નીતિન નબીનને બિહારથી રાજ્યસભા ચૂંટણી માટે પક્ષના ઉમેદવાર જાહેર કરવામાં આવ્યા છે. પાર્ટીની કેન્દ્રીય ચૂંટણી સમિતિએ વિવિધ રાજ્યો માટે પોતાના ઉમેદવારોની યાદી બહાર પાડી છે. નીતિન નબીન અત્યારે ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ તરીકેની જવાબદારી નિભાવી રહ્યા છે અને તેમની આ ઉમેદવારી બિહારમાં પક્ષની એક મોટી ચૂંટણી વ્યૂહનીતિનો ભાગ માનવામાં આવી રહી છે.બિહારમાં ખાલી પડતી પાંચ બેઠકો પૈકી ભાજપે પક્ષના રાષ્ટ્રીય અધ્યક્ષ નીતિન નબીન અને શિવેશ કુમારને ઉમેદવાર બનાવ્યા છે. નીતિન નબીન પટનાના બાંકીપુરથી પાંચ વખત ધારાસભ્ય રહી ચૂક્યા છે અને તેમની ઉમેદવારી બિહારમાં પક્ષની મોટી વ્યૂહનીતિનો ભાગ છે. તેવી જ રીતે આસામની ત્રણ બેઠકો માટે તેરાશ ગોવાલા અને જોગેન મોહનને ટિકિટ આપવામાં આવી છે, જેઓ રાજ્ય સરકારમાં પણ સક્રિય ભૂમિકા ભજવી ચૂક્યા છે.હરિયાણામાં ભાજપે વહીવટી અનુભવ ધરાવતા સંજય ભાટિયાને મેદાનમાં ઉતાર્યા છે, જ્યારે પશ્ચિમ બંગાળથી જાણીતા ચહેરા રાહુલ સિંહાને ટિકિટ આપી છે. ઓડિશામાં ભાજપની સરકાર હોવાથી ત્યાં સ્થિતિ અનુકૂળ છે, જ્યાંથી મનમોહન સામલ અને સુજીત કુમાર ચૂંટણી લડશે. છત્તીસગઢની વાત કરીએ તો, મહિલા મોરચામાં સક્રિય એવા લક્ષ્મી વર્માને રાજ્યસભા મોકલવાની તૈયારી કરવામાં આવી છે.

## 'અમેરિકા-ઈઝરાયલને કોણે અધિકાર આપ્યો' ખામેનેઈની હત્યા મુદ્દે ભડક્યા ઓમર અબ્દુલ્લા

। એજન્સી, શ્રીનગર, તા.૪ ।

જમ્મુ-કાશ્મીરના મુખ્યમંત્રી ઓમર અબ્દુલ્લાએ પત્રકારો સાથેની વાતચીત દરમિયાન ઈરાનના સર્વોચ્ચ નેતા આયતુલ્લાહ અલી ખામેનેઈ અને તેમની પત્ની મંસૂરેહ ખોજસ્તેહની હત્યાની કડક શબ્દોમાં ટીકા કરી છે. તેમણે કહ્યું કે, અમેરિકા-ઈઝરાયલને ખામેનેઈની હત્યા કરવાનો કે ઘર્ષણ કરવાનો કોને અધિકાર આપ્યો છે? બહારના કોઈપણ દેશના હસ્તક્ષેપ વગર માત્ર ઈરાનના લોકોને જ પોતાનું નેતૃત્વ પસંદ કરવાનો અધિકાર છે. આ હત્યા દુર્ભાગ્યપૂર્ણ છે અને આંતરરાષ્ટ્રીય કાયદા હેઠળ કોઈપણ દેશને અન્ય દેશ પર હુમલો કરવાનો કે અન્ય દેશોનું નેતૃત્વ બદલી નાખવાનો અધિકાર નથી.તેમણે જમ્મુ-કાશ્મીરના લોકોને અપીલ કરી છે કે, તેઓ પોતાની ભાવનાઓને નિયંત્રણમાં રાખે અને ગુસ્સા તેમજ દુઃખને શાંતિપૂર્ણ અને કાયદાને ધ્યાને રાખીને વ્યક્ત કરે. ઉલ્લેખનીય છે કે, ખામેનેઈના મોત બાદ જમ્મુ-કાશ્મીરમાં ઉગ્ર દેખાવો અને પ્રદર્શનો થયા હતા. અહીં બે દિવસનું બંધ પણ પાડવામાં આવ્યું હતું. કેટલાક ઠેકાણાઓ પર દેખાવકારો અને પોલીસ વચ્ચે ઘર્ષણ પણ થયાના અહેવાલો સામે આવ્યા હતા. પ્રદર્શનકારીઓ બેનરો સાથે બેરીકેડ તોડીને આગળ વધી રહ્યા હતા, ત્યારે પોલીસે પહેલા તેમને અટકાવવાનો અને પછી લાઠીચાર્જ કર્યો હતો.

ઈરાન વાટાઘાટો માટે તૈયાર, પરંતુ હવે બહુ મોડું થઈ ગયું : ટ્રમ્પ

# ઈરાનના પરમાણુ મથકો પર અમેરિકા અને ઈઝરાયેલના હુમલાથી સ્થિતિ સ્ફોટક થઇ

**ઈરાનનો રિયાધમાં યુએસ દૂતાવાસ પર હુમલો : અમેરિકાએ મધ્ય-પૂર્વમાં બે કોન્સ્યુલેટ બંધ કર્યા, કર્મચારીઓને પાછા બોલાવ્યા । ઈરાનના ઓપરેશનમાં અમેરિકાના ૬૫૦થી વધુ જવાનો માર્યા ગયાનો આઈઆરજીસીનો દાવો**

। એજન્સી, દુબઈ, તા.૪ ।

મધ્ય-પૂર્વમાં અમેરિકા, ઈઝરાયેલ અને ઈરાન વચ્ચેનું યુદ્ધ ચોથા દિવસે વધુ ભયાનક બન્યું છે. ઈરાને મધ્ય-પૂર્વમાં અમેરિકાના બધા જ સાથી દેશો પર એક સાથે હુમલા ચાલુ રાખ્યા છે. અમેરિકા-ઈઝરાયેલના હુમલામાં ઈરાનમાં ૭૮૭થી વધુ લોકોના મોત થયા છે. હવે ઈરાનના પરમાણુ સ્થળો સુરક્ષિત નથી. અમેરિકા અને ઈઝરાયેલના હુમલામાં નતાંઝ પરમાણુ એકમને નુકસાન પહોંચ્યું છે. રશિયન પ્રમુખ પુતિને ચેતવણી આપી છે કે ઈરાનના પરમાણુ કેન્દ્રો પર હુમલા નિયંત્રણ બહાર થઈ રહ્યા છે, જેના વિનાશક પરિણામ આવી શકે છે. બીજીબાજુ ઈરાને રિયાધમાં અમેરિકાના દૂતાવાસ પર હુમલો કર્યો હતો. જેથી અમેરિકાએ મધ્ય-પૂર્વમાં બે દૂતાવાસ બંધ કરી દીધા હતા.



અમેરિકા અને ઈઝરાયેલે ઈરાન પર હુમલા ચાલુ રાખ્યા છે ત્યારે અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે મંગળવારે ફરી ઈરાનને ધમકી આપી હતી. તેમણે સોશિયલ મીડિયા ટ્રુથ સોશિયલ પર જણાવ્યું કે, તેમની એર ડિફેન્સ, એરફોર્સ, નેવી અને લીડરશીપ ખતમ થઈ ગઈ છે. તેઓ હવે વાત કરવા માગે છે. પરંતુ મેં કહ્યું કે હવે ઘણું મોડું થઈ ગયું છે. ટ્રમ્પનું આ નિવેદન દર્શાવે છે કે તેઓ હવે આર યા પારના મુડમાં છે.

અમેરિકા અને ઈઝરાયેલે ઈરાનના અનેક વિસ્તારો પર હુમલા ચાલુ રાખ્યા છે. આ હુમલાઓમાં અત્યાર સુધીમાં કુલ ૭૮૭થી વધુ લોકોનાં મોત થઈ ગયા છે. બંને દેશોએ હવે ઈરાનના પરમાણુ મથકોને પણ નિશાન બનાવવાનું શરૂ કર્યું છે. આ હુમલાઓમાં ઈરાનના નતાંઝ પરમાણુ એકમને નુકસાન થયું છે.

સંયુક્ત રાષ્ટ્રની પરમાણુ સંસ્થા આંતરરાષ્ટ્રીય પરમાણુ ઉર્જા એજન્સીએ પણ નતાંઝ એકમને નુકસાન થયાની પુષ્ટી કરી હતી. જોકે, આ એકમ અન્ડરગ્રાઉન્ડ છે અને રાહતની વાત એ છે કે આ ઘટનાથી કોઈપણ પ્રકારના વિકિરણના સ્રાવની કોઈ આશંકા નથી. આ સમાચારોથી ચિંતિત રશિયન પ્રમુખ વ્લાદિમિર પુતિને ચેતવણી આપી છે કે ઈરાનના પરમાણુ કેન્દ્રોને નુકસાન ચિંતાજનક અને ડરામણી બાબત છે. પરમાણુ કેન્દ્રો પર અમેરિકા અને ઈઝરાયેલના હુમલા હવે નિયંત્રણ બહાર જઈ રહ્યા છે, જેના વિનાશક પરિણામ આવી શકે છે. આ હુમલાઓને પગલે પરમાણુ કેન્દ્રમાંથી ૬૦૦થી વધુ લોકોને સલામત સ્થળે ખસેડવા પડયા છે.

અમેરિકા-ઈઝરાયેલના ઈરાન પરના યુદ્ધમાં નવો ઘટસ્ફોટ

## સાઉદીના ક્રાઉન પ્રિન્સ સલમાને ઈરાન પર હુમલા માટે અમેરિકા પર દબાણ કર્યુ

। એજન્સી, દુબઈ, તા.૪ ।

અમેરિકા અને ઈરાન વચ્ચે પરમાણુ બોમ્બ સહિત અનેક મુદ્દાઓ પર વાટાઘાટો ચાલુ હતી અને સુપ્રીમ લીડર અયાતોલ્લાહ ખામેનેઈ જીવતા હતા ત્યાં સુધી મધ્ય-પૂર્વમાં તેઓ ઈસ્લામાના નામે મુસ્લિમ દેશોને એક થવા માટે હાકલ કરતા રહ્યા. સાઉદી અરબ પણ મધ્ય-પૂર્વમાં શાંતિની વાતો કરતું રહ્યું, પરંતુ ઈરાન પર હુમલા કરવા સાઉદીના ક્રાઉન પ્રિન્સ મોહમ્મદ સલમાને જ અમેરિકન પ્રમુખ ટ્રમ્પને ઉશ્કેર્યા હોવાનો હવે ઘટસ્ફોટ થયો છે. બીજીબાજુ તૂર્કીયેના પ્રમુખ એર્દોગને મધ્ય-પૂર્વમાં યુદ્ધ રોકવા માટે બધા પક્ષો સાથે વાતચીત શરૂ કરી હોવાનો દાવો કર્યો છે.અમેરિકન મીડિયાના દાવા મુજબ સાઉદી અરબના ક્રાઉન પ્રિન્સ મોહમ્મદ બિન સલમાન (એમબીએસ)એ ડોનાલ્ડ ટ્રમ્પને અનેક વખત ખાનગી ફોન કોલ કરીને અમેરિકન પ્રમુખ ટ્રમ્પને ઈરાન પર હુમલા માટે ભલામણ કરી હતી. આ અહેવાલ એવા સમયે સામે આવ્યો છે જ્યારે અમેરિકા અને ઈઝરાયેલે ઈરાન પર હુમલા કરીને મધ્ય-પૂર્વમાં યુદ્ધ શરૂ કરી દીધું છે.અમેરિકન અખબારે ચાર લોકોને ટાંકીને જણાવ્યું કે, સાઉદી અરબના ક્રાઉન પ્રીન્સ મોહમ્મદ બિન સલમાને ગયા મહિને ટ્રમ્પને અનેક વખત ખાનગી કોલ કર્યા હતા. આ સમયે તેઓ વારંવાર ટ્રમ્પને ઈરાન પર હુમલા માટે ઉશ્કેરતા રહ્યા. મીડિયા રિપોર્ટ્સ મુજબ ટ્રમ્પે ઈરાન પર હુમલાનો નિર્ણય ત્યારે લીધો જ્યારે ઈરાન પર હુમલા માટે ઈઝરાયેલની સાથે એમબીએસે પર વારંવાર લોબિંગ કર્યુ હતું.આ રિપોર્ટ મુજબ પ્રમુખ ટ્રમ્પ ઈરાન સાથે કોઈ રાજદ્વારી સમાધાન કાઢવા માગતા હતા, પરંતુ સાઉદીના ક્રાઉન પ્રિન્સ આક્રમણ કરવા પર ભાર મૂકી રહ્યા હતા. આ રિપોર્ટમાં દાવો કરાયો છે કે સાઉદી ક્રાઉન પ્રિન્સે ઈરાન મુદ્દે બેવડું વલણ અપનાવ્યું હતું. એક તરફ તેઓ જાહેરમાં ઈરાનની તરફેણમાં નિવેદનો આપી રહ્યા હતા જ્યારે હકીકતમાં તેઓ અંદરથી હુમલા માટે લોબિંગ કરી રહ્યા હતા.સાઉદી અરબ જાહેરમાં મધ્ય-પૂર્વમાં શાંતિ અને કૂટનીતિની વાતો કરી રહ્યું હતું. ઈરાન પર હુમલા માટે અમેરિકા અને ઈઝરાયેલને સાઉદીના એરસ્પેસનો ઉપયોગ કરવા દેવામાં નહીં આવે તેમ કહેતું હતું.

## જવાબદારીથી છટકી રહી છે સરકાર: ખામેનેઈના મોત અંગે મોદી સરકારના મૌન પર સોનિયા ગાંધીનો પ્રહાર

। એજન્સી, કોલકાતા, તા.૪ ।

કોંગ્રેસ સંસદીય દળના અધ્યક્ષ સોનિયા ગાંધીએ ઈરાનના સર્વોચ્ચ નેતા આયતુલ્લા અલી ખામેનેઈની ટાર્ગેટેડ હત્યાના મામલે મોદી સરકારની ચુપકીદી સામે આકરા પ્રહારો કર્યા છે. એક અખબારમાં લખેલા લેખમાં સોનિયા ગાંધીએ જણાવ્યું હતું કે, સરકારનું આ મૌન કોઈ તટસ્થતા નથી, પરંતુ જવાબદારીમાંથી પીછેહઠ છે. તેમણે ભારપૂર્વક કહ્યું કે આ ઘટનાથી ભારતની વિદેશ નીતિની દિશા અને વિશ્વસનીયતા પર ગંભીર પ્રશ્નો ઊભા થયા છે. સોનિયા ગાંધીએ આ મામલે સંસદમાં તાત્કાલિક ચર્ચા કરવાની પણ માંગ કરી છે.

## ભારત પાસે ૨૫ દિવસનો ઓઈલ સ્ટોક, પેટ્રોલ-ડીઝલના ભાવ નહીં વધે : સૂત્ર

। એજન્સી, નવી દિલ્હી, તા.૪ ।

અમેરિકા-ઈઝરાયલના હવાઈ હુમલા બાદ ઈરાન સાથે વધતા તણાવ અને મધ્ય-પૂર્વમાં ફાટી નીકળેલા યુદ્ધ વચ્ચે ભારત માટે રાહતના સમાચાર સામે આવ્યા છે. સરકારી સૂત્રોએ દાવો કર્યો કે, ક્રૂડ ઓઈલ અને ગેસના પુરવઠા બાબતે ભારત હાલ સુરક્ષિત સ્થિતિમાં છે. સરકારના ઉચ્ચ સ્તરીય સૂત્રોએ દાવો કર્યો કે, 'ક્રૂડ ઓઈલ, એલપીજી અને સીએનજીના સંદર્ભમાં આપણે અત્યારે ઘણી સારી સ્થિતિમાં છીએ. આપણી પાસે ક્રૂડ ઓઈલનો ૨૫ દિવસનો રિઝર્વ સ્ટોક છે અને અન્ય ૨૫ દિવસનો સ્ટોક ટ્રાન્ઝિટમાં (આવી રહ્યો) છે.'ગયા મહિને ઓઈલ મંત્રી હરદીપ સિંહ પુરીએ રાજ્યસભામાં જણાવ્યું હતું કે, ભારતનો વ્યૂહાત્મક પેટ્રોલિયમ રિઝર્વ વૈશ્વિક ઉથલપાથલના સમયે ૭૪ દિવસની માંગને પૂરી કરી શકે તેટલો સક્ષમ છે. અમે અમારા અનામત જથ્થાની ગણતરી માત્ર સ્ટોરેજમાં જ નહીં પરંતુ રિફાઈનરીઓમાં રહેલા જથ્થાના આધારે પણ કરીએ છીએ.વિશ્વના કુલ તેલ પરિવહનનો પાંચમો ભાગ જ્યાંથી પસાર થાય છે તે 'હોર્મુઝની ખાડી' ઈરાને બંધ કરી દેતા ઊર્જા સંકટની આશંકા વધી છે. ઈસ્લામિક રિવોલ્યુશનરી ગાર્ડ કોર્પ્સના સલાહકાર ઈબ્રાહિમ જબ્બારીએ સત્તાવાર જાહેરાત કરી છે કે હોર્મુઝની સામુદ્રધુની બંધ કરી દેવામાં આવી છે.બીજી તરફ, ઈરાને ચેતવણી આપી છે કે, જે પણ અહીંથી પસાર થવાનો પ્રયત્ન કરશે તેને અમારી નેવી તબાહ કરી દેશે. અમે આ પ્રદેશની પાઈપલાઈન્સ પણ નિષ્ક્રિય કરી દઈશું અને ઓઈલની નિકાસ થવા દઈશું નહીં.

એઆઈને લઈને મોટો વિવાદ

અમેરિકન સંરક્ષણ વિભાગ સાથે એન્થ્રોપિકે પડતું મૂકેલું ડીલ ઓપન એઆઈએ કરતાં યુઝર્સમાં ભારે નારાજગી

# ચેટજીપીટી-આર્મીની ડીલથી યુઝર્સ ભડક્યા, અનઇન્સ્ટોલેશનમાં 300 ટકા ઉછાળો

। એજન્સી, વોશિંગ્ટન, તા.૪ ।

અમેરિકામાં એઆઈને લઈને મોટો વિવાદ સર્જાયો છે. ઓપન એઆઈના સીઈઓ સામ ઓલ્ટમેને સ્પષ્ટ કરવાનો પ્રયત્ન કર્યો છે કે તેમની કંપનીએ અમેરિકાના સંરક્ષણ વિભાગ પેન્ટાગોન સાથે સમજૂતી કરી તેનો હેતુ છે અને તેની મર્યાદા શું છે. જોકે ઓલ્ટમેનની સમજૂતી કોઈને ગળે ઉતરી લાગતી નથી. તેનો પુરાવો એ છે કે ચેટજીપીટી અનઈસ્ટોલ કરવામાં લગભગ ત્રણસો ટકા જેટલો ઉછાળો નોંધાયો છે. આમ આ મામલો હવે ફક્ત કોન્ટ્રાક્ટનો ન રહેતા સીધો એઆઈ, યુદ્ધ અને નાગરિક અધિકારો સાથે જોડાઈ ગયો છે. ઓલ્ટમેને પોતાની પોસ્ટમાં જણાવ્યું હતું કે ઓપનએઆઈએ ડિફેન્સ વિભાગ સાથેના તેના કરારમાં થોડો ફેરફાર કર્યો છે. તેમણે જણાવ્યું હતું કે આવું એમ છે કે કેમકે તેનાથી સ્પષ્ટ થઈ શકે કે એઆઈનો ઉપયોગ અમેરિકન નાગરિકો પર નજર રાખવા ન કરવામાં આવે.તેમણે સ્પષ્ટ લખ્યું છે કે કાયદાકીય મર્યાદામાં રહીને એઆઈનો ઉપયોગ કરવામાં આવશે. તેનો ઉપયોગ ડોમેસ્ટિક સર્વેલન્સ માટે નહીં કરાય. સરકાર તરફથી કોઈ ગેરબંધારણીય આદેશ આવે છે તો તેનું પાલન નહીં કરીએ. જો કે લોકોને ઓલ્ટમેનની વાત પર ભરોસો આવ્યો નથી. યુઝર્સનો નોંધપાત્ર હિસ્સો માને છે કે એઆઈ કંપનીઓએ લશ્કરથી દૂર જ રહેવું જોઈએ. આ આખા વિવાદમાં એન્થ્રોપિકનું નામ પણ લેવામાં આવી રહ્યુ છે, જેણે સિદ્ધાંતો ખાતર સરકારી કોન્ટ્રાક્ટ જતો કર્યો હતો. તેના




પછી ઓપનએઆઈએ ડીલ કરતાં લોકોને એમ જ લાગી રહ્યુ છે કે એન્થ્રોપિકે જે શરતો માની ન હતી તે સામ ઓલ્ટમેને માની લીધી છે. તેથી જ યુઝર્સ ચેટજીપીટી છોડી રહ્યા છે. તેના કારણે તે ચર્ચા પણ તેજ થઈ રહી છે કે એઆઈ કંપનીઓ છેવટે કઈ દિશામાં જઈ રહી છે. આ કંપનીઓ સરકાર સાથે મળીને દેશની સુરક્ષા મજબૂત કરી રહી છે કે ખતરનાક રસ્તે આગળ વધી રહી છે.અમેરિકામાં એઆઈને લઈને મોટો વિવાદ સર્જાયો છે. ઓપન એઆઈના સીઈઓ સામ ઓલ્ટમેને સ્પષ્ટ કરવાનો પ્રયત્ન કર્યો છે કે તેમની કંપનીએ અમેરિકાના સંરક્ષણ વિભાગ પેન્ટાગોન સાથે સમજૂતી કરી તેનો હેતુ છે અને તેની મર્યાદા શું છે. જોકે ઓલ્ટમેનની સમજૂતી કોઈને ગળે ઉતરી લાગતી નથી. તેનો પુરાવો એ છે કે ચેટજીપીટી અનઈસ્ટોલ કરવામાં લગભગ ત્રણસો ટકા જેટલો ઉછાળો નોંધાયો છે. આમ આ મામલો હવે ફક્ત કોન્ટ્રાક્ટનો ન રહેતા સીધો એઆઈ, યુદ્ધ અને નાગરિક અધિકારો સાથે જોડાઈ ગયો છે. ઓલ્ટમેને પોતાની પોસ્ટમાં જણાવ્યું હતું કે ઓપનએઆઈએ ડિફેન્સ વિભાગ સાથેના તેના કરારમાં થોડો ફેરફાર કર્યો છે.

## ન્યૂઝ બ્રિફ



### બિહારના રાજકારણમાં મોટા ઉલટફેરની શક્યતા, નીતિશ કુમાર રાજ્યસભાની ચૂંટણી લડી શકે!

। એજન્સી, બિહાર, તા.૪ ।

બિહારના રાજકારણને લગતા એક ચોંકાવનારા અહેવાલ સામે આવ્યા છે. બિહારના મુખ્યમંત્રી નીતિશ કુમારને તેમની પાર્ટી જનતા દળ યુનાઈટેડ (જેડીયુ) રાજ્યસભાની ચૂંટણી લડાવી શકે છે. જોકે આ વાત સાચી ઠરે તો નીતિશ કુમાર બિહારના સીએમ પદેથી હટી શકે છે.

જે બિહારના રાજકારણ માટે એક મોટો ઉલટફેર ભર્યો નિર્ણય સાબિત થશે. એવી પણ ચર્ચા છે કે જો નીતિશ કુમાર રાજ્યસભાની ચૂંટણી લડશે તો પછી સીએમ પદે બિહારના કોઈ નેતાની પસંદગી કરવામાં આવી શકે છે. ઉલ્લેખનીય છે કે નીતિશ કુમાર સતત ૯ વખત બિહારના મુખ્યમંત્રી પદે રહી ચૂક્યા છે.

તેઓ બિહારના ઈતિહાસમાં સૌથી વધુ વખત મુખ્યમંત્રી પદના શપથ લેનારા નેતા છે.માહિતી અનુસાર રાજ્યસભાની બેઠક પર પહેલા નીતિશ કુમારના દીકરા નિશાંત કુમારને ચૂંટણી લડાવવાની ચર્ચા કરાઈ હતી પણ હવે ખુદ નીતિશ કુમારનું નામ ચર્ચામાં છે. જેડીયુના કાર્યકારી અધ્યક્ષ સંજય ઝા પણ દિલ્હી રવાના થઈ ગયા છે. એવી ચર્ચા છે કે સંજય ઝા ભાજપના કેન્દ્રીય નેતૃત્વ સાથે સંપર્કમાં છે. બહારના રાજકારણને લગતા એક ચોંકાવનારા અહેવાલ સામે આવ્યા છે. બિહારના મુખ્યમંત્રી નીતિશ કુમારને તેમની પાર્ટી જનતા દળ યુનાઈટેડ (જેડીયુ) રાજ્યસભાની ચૂંટણી લડાવી શકે છે. જોકે આ વાત સાચી ઠરે તો નીતિશ કુમાર બિહારના સીએમ પદેથી હટી શકે છે. જે બિહારના રાજકારણ માટે એક મોટો ઉલટફેર ભર્યો નિર્ણય સાબિત થશે.

### મ.પ્ર.માં નાયબ મામલતદરે મંદિરમાંથી પોતાની ચંપલ ચોરનારને જાતે શોધ્યો

। એજન્સી, અગર માલવા, તા.૪ ।

મધ્ય પ્રદેશનાં અગર માલવા જિલ્લાનાં પ્રસિદ્ધ બગલામુખી માતા મંદિરમાંથી પોતાની ચંપલ ચોરી થવા પર એક નાયબ મામલતદારે સીસીટીવી કેમેરાની મદદથી ચોરને જાતે શોધ્યો હતો અને પોલીસને પત્ર લખી ચોરની સામે કાયદાકીય કાર્યવાહી કરવાની માંગ કરી હતી તેમ અધિકારીઓએ એક નિવેદનમાં જણાવ્યું હતું. અધિકારીએ જણાવ્યું હતું કે ચંપલ ચોરીની ઘટના સોમવારે બની હતી જ્યારે નાયબ મામલતદાર અરુણ ચંદ્રવંશી નલખેડા સ્થિત બગલામુખી મંદિરમાં દર્શન કરવા માટે પહોંચ્યા હતાં. ચંદ્રવંશીએ ઘટના અંગે સુપ્રિટેન્ડેન્ટ ઓફ પોલીસ (એસપી)ને સત્તાવાર રીતે પત્ર લખ્યો હતો. આ પત્રનો ફોટો સોશિયલ મીડિયામાં વાયરલ થઈ જતાં લોકો અલગ અલગ પ્રકારની પ્રતિક્રિયાઓ આપી રહ્યાં છે.નાયબ મામલતદારે પત્રમાં જણાવ્યું હતું કે હું બપોરે ૩.૧૫ વાગ્યે બગલામુખી મંદિરમાં દર્શન માટે પહોંચ્યો હતો. મેં મારા ચંપલ રિસિપ્ટ કાઉન્ટર પાસે ઉતાર્યા હતાં. ૩.૨૫ વાગ્યે જ્યારે હું મંદિરમાંથી બહાર આવ્યો તો આ ચંપલ તેના નિર્ધારિત સ્થળે ન હતી. આ ચંપલ ૫૦૦ રૃપિયાની હતી.

## પોલીસ મથકમાં લેન્ડ ગ્રેબિંગનો ગુનો નોંધાયો

# ખંભાતમાં મકાન પચાવી પાડવા મુદ્દે પિતા-પુત્ર સામે લેન્ડ ગ્રેબિંગ




। પ્રતિનિધિ, ખંભાત, તા.૪ ।

ખંભાત શહેરની જૂની મંડાઈ વિસ્તારમાં આવેલું એક મકાન પચાવી પાડવા બાબતે પિતા-પુત્ર વિરુદ્ધ ખંભાત શહેર પોલીસ મથકમાં લેન્ડ ગ્રેબિંગનો ગુનો નોંધાયો છે. ડીવાયએસપી દ્વારા સમગ્ર મામલે વધુ તપાસ હાથ ધરવામાં આવી છે. ખંભાત શહેરના જૂની મંડાઈ વિસ્તારમાં ચૂડગર વાસ ખાતે રહેતા ફારૂકભાઈ રસુલભાઈ રંગરેજનીની સંયુક્ત વારસાઈ હક વાળી મિલકત આવેલી છે. જેના પર મહેમુદભાઈ કાલુભાઈ શેખ અને તેમના પુત્ર મોહમ્મદ વાસીમે ગેરકાયદે કબજો જમાવી દીધો હતો. મહેમુદભાઈના સંબંધી અગાઉ પાલિકાના પૂર્વ કાઉન્સિલર હતા ત્યારે તેમણે લાગવગથી ખંભાત નગરપાલિકાના ટેક્સ બિલમાં અને આકારણી પત્રકમાં ગેરકાયદે તેમના નામો ચઢાવી દીધા હતા, જેથી આ અંગે ફારૂકભાઈએ જિલ્લા કલેક્ટર કચેરીમાં અરજી કરતાં લેન્ડ ગ્રેબિંગ કમિટીએ અરજી દફતરે કરી દીધી હતી. જેની સામે કોર્ટ સમક્ષ અરજી કરી હતી જેની સુનાવણી દરમિયાન ક્વાર્ટર લેન્ડગ્રેબિંગ થયાનું માની આ અંગે ખંભાત શહેર પોલીસને ગુનો નોંધવા હુકમ કર્યો હતો.

## હવામાન વિભાગે ખાસ કરીને દરિયાકાંઠાના વિસ્તારો માટે એલર્ટ જાહેર કર્યુ

## હવામાન વિભાગે ૩ દિવસ જાહેર કર્યુ યલો એલર્ટ

# ગુજરાતના ૯ શહેરમાં ૩૭ ડિગ્રીથી વધુ તાપમાન

। પ્રતિનિધિ, અમદાવાદ, તા.૪ ।

ગુજરાતમાં ગરમીના પ્રમાણમાં વધારો થઈ રહ્યો છે. આગામી ૨ દિવસમાં તાપમાનમાં હજુ ૩ ડિગ્રીનો વધારો થઈ શકે છે અને જેના પગલે હવામાન વિભાગ દ્વારા આગામી ૩ દિવસ માટે યલો એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. હવે તબક્કાવાર રાત્રિના તાપમાનમાં પણ વધારો થઈ શકે છે. ૯ શહેરમાં સરેરાશ મહત્તમ તાપમાનનો પારો ૩૭ ડિગ્રીથી વધારે નોંધાયો હતો.હવામાન વિભાગે ખાસ કરીને દરિયાકાંઠાના વિસ્તારો માટે એલર્ટ જાહેર કર્યુ છે. ૪ માર્ચ થી ૬ માર્ચ દરમિયાન ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છના દરિયાકાંઠાના છૂટાછવાયા વિસ્તારોમાં ગરમ અને ભેજવાળું વાતાવરણ રહેશે તેવા સંકેત છે. જેના કારણે લોકોને ગરમી સાથેબફારાનો સામનો કરવો પડી શકે છે.ડીસામાં ૩૮.૪ ડિગ્રી સાથે સૌથી વધુ તાપમાન નોંધાયું હતું. અમદાવાદનું તાપમાન આગામી ત્રણ દિવસ ૩૮ ડિગ્રીથી વધુ રહેવાની હવામાન વિભાગની આગાહી છે. બીજી તરફ હવામાન નિષ્ણાતોના મતે અમદાવાદમાં આગામી ૩ દિવસમાં તાપમાન ૩૯ ડિગ્રીએ પહોંચી શકે છે. અમદાવાદમાં ગત રાત્રિના ૨૦.૯ ડિગ્રી સાથે સરેરાશ લઘુત્તમ તાપમાનમાં સામાન્ય કરતાં ૩.૪ ડિગ્રીનો વધારો થયો હતો. ગુજરાતમાં ગરમીના પ્રમાણમાં વધારો થઈ રહ્યો છે. આગામી



૨ દિવસમાં તાપમાનમાં હજુ ૩ ડિગ્રીનો વધારો થઈ શકે છે અને જેના પગલે હવામાન વિભાગ દ્વારા આગામી ૩ દિવસ માટે યલો એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. હવે તબક્કાવાર રાત્રિના તાપમાનમાં પણ વધારો થઈ શકે છે. ૯ શહેરમાં સરેરાશ મહત્તમ તાપમાનનો પારો ૩૭ ડિગ્રીથી વધારે નોંધાયો હતો.હવામાન વિભાગે ખાસ કરીને દરિયાકાંઠાના વિસ્તારો માટે એલર્ટ જાહેર કર્યુ છે. ૪ માર્ચ થી ૬ માર્ચ દરમિયાન ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છના દરિયાકાંઠાના છૂટાછવાયા વિસ્તારોમાં ગરમ અને ભેજવાળું વાતાવરણ રહેશે તેવા સંકેત છે. જેના કારણે લોકોને ગરમી સાથેબફારાનો સામનો કરવો પડી શકે છે.ડીસામાં ૩૮.૪ ડિગ્રી સાથે સૌથી વધુ તાપમાન નોંધાયું હતું. અમદાવાદનું તાપમાન આગામી ત્રણ દિવસ ૩૮ ડિગ્રીથી વધુ રહેવાની હવામાન વિભાગની આગાહી છે. બીજી તરફ હવામાન નિષ્ણાતોના મતે અમદાવાદમાં આગામી ૩ દિવસમાં તાપમાન ૩૯ ડિગ્રીએ પહોંચી શકે છે. અમદાવાદમાં ગત રાત્રિના ૨૦.૯ ડિગ્રી સાથે સરેરાશ લઘુત્તમ તાપમાનમાં સામાન્ય કરતાં ૩.૪ ડિગ્રીનો વધારો થયો હતો. ગુજરાતમાં ગરમીના પ્રમાણમાં વધારો થઈ રહ્યો છે. આગામી ૨ દિવસમાં તાપમાનમાં હજુ ૩ ડિગ્રીનો વધારો થઈ શકે છે અને જેના પગલે હવામાન વિભાગ દ્વારા આગામી ૩ દિવસ માટે યલો એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. હવે તબક્કાવાર રાત્રિના તાપમાનમાં પણ વધારો થઈ શકે છે.

## મંદિરો બંધ રાખવા બાબતે મિશ્ર પ્રતિસાદ

# સૌરાષ્ટ્રમાં ગ્રહણની અસર નહીં હોવાની માન્યતા સાથે અનેક મંદિરો ખુલ્લા રહ્યા

### ચંદ્રગ્રહણના પગલે સુરેન્દ્રનગર જિલ્લાના સુપ્રસિદ્ધ મંદિરોમાં ગ્રહણ પાળવા બાબતે ભિન્ન મંતવ્યો જોવા મળ્યા



। પ્રતિનિધિ, સુરેન્દ્રનગર, તા.૪ ।

સુરેન્દ્રનગર જિલ્લામાં ચંદ્રગ્રહણ દરમિયાન મંદિરો બંધ રાખવા બાબતે મિશ્ર પ્રતિસાદ મળ્યો હતો. સૂતકકાળના કારણે અમુક મંદિરોમાં વહેલી સવારે આરતી બાદ કપાટ બંધ કરાયા હતા, જ્યારે સૌરાષ્ટ્રમાં અસર નહીં હોવાના અનુમાન સાથે મોટાભાગના મંદિરો ભક્તો માટે ખુલ્લા રહ્યા હતા.વર્ષના પ્રથમ ચંદ્રગ્રહણના પગલે સુરેન્દ્રનગર જિલ્લાના સુપ્રસિદ્ધ મંદિરોમાં ગ્રહણ પાળવા બાબતે ભિન્ન મંતવ્યો જોવા મળ્યા હતા. પરંપરાગત રીતે ગ્રહણ સમયે સૂતક લાગતું હોવાથી ધામક સ્થાનો બંધ રાખવાની પ્રથા છે, જેના ભાગરૂપે સુરેન્દ્રનગરનું જાણીતું માઈ મંદિર ભક્તો માટે બંધ રાખવામાં આવ્યું હતું. ટ્રસ્ટીઓ દ્વારા વહેલી સવારે આરતી કર્યા બાદ મંદિરના દ્વાર મંગળ કરી દેવાયા હતા.બીજી તરફ, સૌરાષ્ટ્ર વિસ્તારમાં આ ચંદ્રગ્રહણની કોઈ ખાસ અસર ન હોવાની શીય માન્યતાને આધારે શહેરના ટાવર વિસ્તારમાં આવેલું હાટકેશ્વર મહાદેવ મંદિર સહિતના અનેક શિવાલયો અને દેવાલયો દર્શન માટે ખુલ્લા રાખવામાં આવ્યા હતા.

## હોળીના તહેવારો નિમિત્તે ભરાતા પરંપરાગત મેળામાં હવે રાજકારણ ગરમાયું

# છોટાઉદેપુર જિલ્લામાં આદિવાસી સંસ્કૃતિના મેળામાં રાજકીય રંગ લાગતા વિવાદ સર્જાયો

### તાલુકાના રજૂવાંટ ગામે આયોજિત 'ભંગુરિયા' મેળામાં ભાજપના નેતાઓ પક્ષના ઝંડા સાથે નજરે પડતા વિવાદ સર્જાયો

। પ્રતિનિધિ, છોટાઉદેપુર, તા.૪ ।

છોટાઉદેપુર જિલ્લામાં હોળીના તહેવારો નિમિત્તે ભરાતા પરંપરાગત મેળામાં હવે રાજકારણ ગરમાયું છે. તાલુકાના રજૂવાંટ ગામે આયોજિત 'ભંગુરિયા' મેળામાં ભાજપના નેતાઓ પક્ષના ઝંડા સાથે નજરે પડતા વિવાદ સર્જાયો છે. આમ આદમી પાર્ટીના નેતા વિનુ રાઠવાએ આ મામલે ભાજપના સાંસદ સહિતના નેતાઓનો ઉધડો લીધો છે.છોટાઉદેપુર તાલુકાના રજૂવાંટ ગામે છેલ્લા પાંચ વર્ષથી સામાજિક આગેવાનોના સહયોગથી 'રૂરલ હાટ' ખાતે ભંગુરિયા મેળાનું આયોજન કરવામાં આવે છે. આ મેળો ગુજરાત અને મધ્ય પ્રદેશની સરહદ પર હોવાથી બંને રાજ્યોના આદિવાસી શ્રદ્ધાળુઓ મોટી સંખ્યામાં ઉમટી પડે છે. આ વર્ષે મેળા દરમિયાન ભાજપના સાંસદ જશુભાઈ રાઠવા અને અન્ય નેતાઓ પક્ષના ઝંડાઓ લઈને સાંસ્કૃતિક કાર્યક્રમોમાં કૂદતા જોવા મળ્યા હતા,



જેને લઈને સામાજિક સ્તરે રોષ જોવા મળી રહ્યો છે.

આ ઘટના અંગે આપ નેતા અને છોટાઉદેપુર વિધાનસભાના પ્રભારી વિનુ રાઠવાએ આકરા પ્રત્યાઘાતો આપતા જણાવ્યું હતુ કે, "સામાજિક કાર્યકર્તાઓએ ભેગા મળીને આ સાંસ્કૃતિક વારસાને જીવંત રાખ્યો છે, પરંતુ ભાજપના દિગ્ગજ નેતાઓ અહીં આવીને પક્ષનો પ્રચાર કરી પોતાનો રોફ જમાવી રહ્યા છે. જો સામાજિક મેળાઓમાં તમામ પક્ષો પોતાના ઝંડા લઈને આવશે, તો લોકો વચ્ચે જૂથવાદ અને ઘર્ષણ ઊભું થશે. આવી સ્થિતિમાં જવાબદારી કોની રહેશે?"

વિનુ રાઠવાએ વધુમાં જણાવ્યું હતું કે, "સામાજિક કાર્યક્રમોમાં આ પ્રકારે ઝંડા લાવીને આદિવાસી સમાજને ગુમરાહ કરવાનું કામ બંધ કરવું જોઈએ. જો સમાજની ગરિમાને ઠેસ પહોંચાડવામાં આવશે, તો અમે સખત શબ્દોમાં વિરોધ કરીશું. ચૂંટણી આવે ત્યારે તમે ઝંડા લઈને કૂદો તેની સામે અમારો કોઈ વિરોધ નથી, પણ પરંપરાગત સાંસ્કૃતિક મેળાને રાજકારણનું અખાડો ન બનાવો." વિનુ રાઠવાએ સ્પષ્ટ ચીમકી આપી છે કે જો આગામી દિવસોમાં યોજાનારા કોઈપણ ભંગુરિયા મેળામાં રાજકીય પક્ષોના ઝંડાઓ લાવીને સંસ્કૃતિનું અપમાન કરવામાં આવશે, તો તમામ સામાજિક કાર્યકર્તાઓ સાથે મળીને તેનો સખત વિરોધ કરવામાં આવશે. ચૂંટણીના માહોલ વચ્ચે આદિવાસી પટ્ટામાં સાંસ્કૃતિક મેળામાં થયેલો આ વિવાદ આગામી દિવસોમાં વધુ વરવું સ્વરૂપ ધારણ કરે તેવી શક્યતાઓ દેખાઈ રહી છે.છોટાઉદેપુર જિલ્લામાં હોળીના તહેવારો નિમિત્તે ભરાતા પરંપરાગત મેળામાં હવે રાજકારણ ગરમાયું છે. તાલુકાના રજૂવાંટ ગામે આયોજિત 'ભંગુરિયા' મેળામાં ભાજપના નેતાઓ પક્ષના ઝંડા સાથે નજરે પડતા વિવાદ સર્જાયો છે. આમ આદમી પાર્ટીના નેતા વિનુ રાઠવાએ આ મામલે ભાજપના સાંસદ સહિતના નેતાઓનો ઉધડો લીધો છે.

## ટૂર ઓપરેટર્સ અને સોશિયલ મીડિયાના માધ્યમથી તેમને આ ફ્લાઈટની જાણકારી મળી

# યુદ્ધ વચ્ચે સાઉદીથી ૨૧૦ ગુજરાતીઓની વતન વાપસી

# અમદાવાદ શહેર એરપોર્ટ ઉપર ભાવુક દૃશ્યો સર્જાયા

### ભારત સરકાર અને વિદેશ મંત્રાલયના સઘન પ્રયાસોને પરિણામે આ તમામ નાગરિકો હેમખેમ પોતાના પરિવાર પાસે પહોંચી શક્યા

। પ્રતિનિધિ, અમદાવાદ, તા.૪ ।

મિડલ ઈસ્ટમાં વણસી રહેલી યુદ્ધની સ્થિતિ અને વધતા જતા તણાવ વચ્ચે સાઉદી અરેબિયામાં ઉમરાહની પવિત્ર યાત્રાએ ગયેલા ૨૧૦ જેટલા ગુજરાતીઓ ગઈકાલે મોડી રાતે સુરક્ષિત રીતે સ્વદેશ પરત ફર્યા છે. લાંબા સમયથી ભય હેઠળ વિતાવેલા દિવસો બાદ, ગત મોડી રાત્રે અમદાવાદના સરદાર વલ્લભભાઈ પટેલ ઈન્ટરનેશનલ એરપોર્ટ પર પેસેન્જરોનું આગમન થતા જ ભાવુક દ્રશ્યો સર્જાયા હતા. ભારત સરકાર અને વિદેશ મંત્રાલયના સઘન પ્રયાસોને પરિણામે આ તમામ નાગરિકો હેમખેમ પોતાના પરિવાર પાસે પહોંચી શક્યા છે, જેથી સ્વજનોએ રાહતનો શ્વાસ લીધો છે.મળતી માહિતી મુજબ, આ ઓપરેશન અંતર્ગત કુલ ૨૧૦





મુસાફરો પરત ફર્યા છે, જેમાંથી ૨૦૫ મુસાફરો જેદાહથી સીધા જ ઈન્ડિગોની ફ્લાઈટ ૬ઈ ૮૬૨૩ મારફતે રાત્રે ૧૧:૦૦ વાગ્યાની આસપાસ અમદાવાદ રનવે પર ઉતર્યા હતા. જ્યારે અન્ય ૫ મુસાફરો દુબઈથી રિલીફ ફ્લાઈટ દ્વારા મુંબઈ પહોંચ્યા હતા અને ત્યાંથી ટ્રેનથી સુરત પરત ફર્યા હતા. એરપોર્ટ પર ઉતરેલા લોકોએ જણાવ્યું હતું કે, યુદ્ધની સ્થિતિને કારણે ફ્લાઈટો બંધ થઈ જવાથી અને હોટલના ભાડા વધતા તેઓ ભારે તણાવમાં હતા. જોકે, ટૂર ઓપરેટર્સ અને સોશિયલ મીડિયાના માધ્યમથી તેમને આ ફ્લાઈટની જાણકારી મળી હતી, જે તેમના માટે મુશ્કેલ સમયમાં આશીર્વાદ સમાન સાબિત થઈ હતી.એરપોર્ટના ટર્મિનલ પર મુસાફરોના સ્વાગત માટે મોટી સંખ્યામાં પરિવારજનો અને મિત્રો ફૂલહાર લઈને ઉમટી પડ્યા હતા. માતા-પિતા અને બાળકો એકબીજાને ભેટી પડતા વાતાવરણમાં ભાવુક થઈ ગયું હતું.

# સુરેન્દ્રનગર : કારના બોનેટ પર બેસી રિલ બનાવતા યુવકોનો વીડિયો વાયરલ થયો

। પ્રતિનિધિ, સુરેન્દ્રનગર, તા.૪ ।

સુરેન્દ્રનગર શહેરમાં સોશિયલ મીડિયા પર પ્રખ્યાત થવાના ઘેલછામાં યુવકો કાયદો અને વ્યવસ્થાને નેવે મૂકી રહ્યા હોય તેવો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. શહેરના નવા બનેલા રિવરફ્રન્ટ રોડ પર ત્રણ યુવકોએ ચાલુ કારના બોનેટ પર બેસીને જોખમી રીતે રિલ્સ બનાવી હતી.વાયરલ થયેલા આ વીડિયોમાં જોઈ શકાય છે કે, એટીટયુડ વાળું બેકગ્રાઉન્ડ મ્યુઝિક મૂકીને યુવકો રનિંગ કાર પર બેસી મૂછો મરડી રહ્યા છે. આ જોખમી સ્ટંટ દરમિયાન રસ્તા પરથી પસાર થતા અન્ય વાહનચાલકો કે રાહદારીઓ માટે અકસ્માતનું જોખમ સર્જાયું હતું. પોલીસનો સહેજ પણ ડર રાખ્યા વિના કાયદાનું ભાન ભૂલેલા આ યુવકોનો વિડીયો સોશિયલ મીડિયા પર વાયરલ થતા લોકોમાં રોષ જોવા મળ્યો છે.

# નારોલ સર્કલથી નરોડા પાટીયા સુધીનો રોડ ૨૨૦ કરોડના ખર્ચે રીડેવલપ કરાશે

। પ્રતિનિધિ, અમદાવાદ, તા.૪ ।

અમદાવાદમાં નારોલ સર્કલ એ શહેરની એન્ટ્રી છે. ઉપરાંત પૂર્વ વિસ્તારોને શહેરના અન્ય વિસ્તારો સાથે સાંકળતો હાર્દસમાન વિસ્તાર છે. ૧૪ વર્ષ પછી નારોલ સર્કલથી નરોડા પાટીયા સુધીના ૧૬ કિલોમીટર લાંબા રસ્તાને રુપિયા ૨૨૦ કરોડના ખર્ચથી રીડેવલપ કરાશે. વર્ષ-૨૦૧૨માં આ રોડ બનાવાયો હતો.જે પછી હવે બંને તરફ અંડરગ્રાઉન્ડ યુટીલીટી સાથે આ રોડની કાયાપલટ કરવા નિર્ણય કરાયો છે.અમદાવાદના સતત વધતા જતા વિકાસ અને વિસ્તારની સાથે પૂર્વ અમદાવાદમાં નારોલ સર્કલથી નરોડા પાટીયા સુધીનો રોડ સતત ટ્રાફિકથી ધમધમતો રોડ બની ગયો છે.રોજબરોજ વહેલી સવારથી મોડી રાત સુધી આ રોડ ઉપર શહેર બહારથી મોટી સંખ્યામા વાહનો અમદાવાદમાં પ્રવેશતા હોય છે. આ પ્રકારે અમદાવાદમાંથી પણ મધ્ય ગુજરાતના મહેમદાવાદ, ખેડા,મહુધા,ડાકોર, નડિયાદ સહિતના શહેરમાં મોટી સંખ્યામા નોકરીયાત વર્ગના લોકો અવરજવર કરતા હોય છે.સ્ટેન્ડિંગ કમિટી ચેરમેનના કહેવા મુજબ, ૬૦ મીટરની પહોળાઈ ધરાવતા આ રોડને રીડેવલપ કરવા અનેક બાબતને ધ્યાનમાં લેવામા આવી છે. વર્ષ-૨૦૧૨માં જે સમયે આ રોડ બનાવાયો હતો. એ સમય અને હાલના સમયમા ટ્રાફિકની માંગને ધ્યાનમા લઈને વાહન વ્યવહાર માટે બંને સાઈડે ૧૦.૫૦ મીટર પહોળાઈમા મુખ્ય કેરેજ વે તથા ૧૦.૫૦ મીટર પહોળાઈમા સર્વિસ રોડ ડેવલપ કરવામા આવશે.નાગરિકોને ચાલવા માટે રોડ સાઈડમાં બંને બાજુ ૨.૦ મીટરની ફુટપાથ બનાવાશે.નાગરિકોને બેસવા માટેના બેન્ચીસ ઉપરાંત મલ્ટી યુટીલીટી ઝોનમાં પ્લાન્ટેશન, સાઈનેજ, વૃક્ષો,લેન્ડ સ્કેપીંગ, પેડેસ્ટ્રીયન ક્રોસીંગ ઉપર રેફયુઝ આઈલેન્ડ, યુટીલીટી માટે અંડરગ્રાઉન્ડ રોડ ક્રોસીંગ સહિતની કામગીરી કરવામા આવશે.અમદાવાદમાં નારોલ સર્કલ એ શહેરની એન્ટ્રી છે. ઉપરાંત પૂર્વ વિસ્તારોને શહેરના અન્ય વિસ્તારો સાથે સાંકળતો હાર્દસમાન વિસ્તાર છે. ૧૪ વર્ષ પછી નારોલ સર્કલથી નરોડા પાટીયા સુધીના ૧૬ કિલોમીટર લાંબા રસ્તાને રુપિયા ૨૨૦ કરોડના ખર્ચથી રીડેવલપ કરાશે.

## આસ્થા અને પરંપરાનો અનોખો સંગમ

# પલાણા ગામે હોળીના પર્વે અનોખી પરંપરા ધગધગતા અંગારા ઉપર દોડયાં શ્રદ્ધાળુઓ

। પ્રતિનિધિ, નડિયાદ, તા.૪ ।

ખેડા જિલ્લાના પલાણા ગામમાં હોળીના પર્વે આસ્થા અને પરંપરાનો અનોખો સંગમ જોવા મળ્યો હતો. હોળી દહન બાદ ગ્રામજનો દ્વારા ધગધગતા અંગારા પર ચાલવાની પરંપરા અહી વર્ષોથી ચાલી આવે છે. આ દ્રશ્યો જોવા માટે માત્ર પલાણા જ નહીં પરંતુ, આસપાસના અનેક ગામોના લોકો મોટી સંખ્યામાં ઉમટી પડયાં હતા. હોળીની જ્વાળાઓ બાદ અંગારા પર ખુલ્લા પગે ચાલવું એ અહીંની હોળીની વિશેષતા અને પરંપરા છે.પલાણા ગામમાં દર વર્ષે



હોળીના તહેવારની ઉજવણી કંઈક અલગ રીતે કરવામાં આવે છે. ગામના ચોકમાં હોળી પ્રગટાવવામાં આવે છે અને ત્યાર બાદ વિધિવત પૂજા અર્ચના કરવામાં આવે છે. હોળી દહન પ્રક્રિયા પૂર્ણ થયા પછી જ્યારે લાકડા બળીને લાલચોળ અંગારામાં ફેરવાય છે, ત્યારે શ્રદ્ધાળુઓ ભક્તિભાવ સાથે આ અંગારા પર ચાલે છે. આ પરંપરા પાછળ ગ્રામજનોની અતૂટ શ્રદ્ધા જોડાયેલી છે. ગ્રામજનોનું માનવું છે કે, હોળીના આ પવિત્ર અંગારા પર ચાલવાથી તેમની મનોકામનાઓ પૂર્ણ થાય છે. અનેક લોકો પોતાની બાધા કે આખડી પૂરી કરવા માટે આ દિવસે અહી પહોંચે છે. નવાઈની વાત એ છે કે, ધગધગતા અંગારા હોવા છતાં આ રીતે ચાલતા શ્રદ્ધાળુઓના પગમાં કોઈ ઈજા કે દાઝયાના નિશાન જોવા મળતા નથી, જેને લોકો ભગવાનનો ચમત્કાર માને છે.

## બીમારીથી કંટાળીને મોતને વ્હાલું કર્યુ

# વટવામાં ૧૭ વર્ષથી બીમાર ૭૨ વર્ષીય વૃદ્ધાએ પોતાને થાંભલા સાથે બાંધીને અગ્નિ સ્નાન કર્યુ

। પ્રતિનિધિ, અમદાવાદ, તા.૪ ।

અમદાવાદના વટવામાં એક ૭૨ વર્ષીય વૃદ્ધાએ તેમની ૧૭-૧૮ વર્ષથી બીમારીથી કંટાળીને મોતને વ્હાલું કર્યુ છે. ૭૨ વર્ષીય એક વૃદ્ધાએ ગંભીર બીમારીથી કંટાળીને પોતાની જાતને થાંભલા સાથે બાંધીને જ્વલનશીલ પદાર્થ છાંટીને અગ્નિસ્નાન કરી લીધું હતું. આ ઘટના ત્યાં લાગેલા સીસીટીવી કેમેરામાં કેક થઈ ગઈ હતી. મૃતક ગૌરીબેન કોળી પટેલ નામના આ વૃદ્ધાએ પોતાની જ ઘરની બહાર આત્મઘાતી પગલું ભરી લેતા ચકચાર મચી ગઈ છે. વર્ષોથી ચાલતી શારીરિક બીમારી અને એકલવાયા જીવનને કારણે તેમણે આ અંતિમ પગલું ભર્યુ હોવાનું પોલીસની પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું છે.મળતી માહિતી મુજબ, ગત ૨ માર્ચના રોજ સવારે લગભગ ૬ વાગ્યાની આજુબાજુ આ ઘટના બની હતી. સીસીટીવી ફૂટેજમાં સ્પષ્ટ જોઈ શકાય છે કે, ગૌરીબેને પોતાના ઘરની બહાર રહેલા એક થાંભલા સાથે દોરડા વડે પોતાની જાતને બાંધી દીધી હતી. ત્યારબાદ તેમણે પોતાના શરીર પર જ્વલનશીલ પદાર્થ છાંટીને સળગીને આત્મહત્યા કરી હતી. આ ઘટનાની જાણ થતા જ આસપાસના લોકો અને તેમની દીકરી સૂર્યાબેન સ્થળ પર પહોંચી ગયા હતા. આ પછી તેમને તાત્કાલિક હોસ્પિટલમાં દાખલ કરાયા હતા.

લોક પત્રિકા હવે અહીં પણ

dailyhunt




પળેપળના સમાચારની અપડેટ જોવા માટે આજે જ ડેઈલી હન્ટમાં લોક પત્રિકાને ફોલો કરો

**Printer, Publisher & Owner :** Avesh K. Malaviya, **Printed** at Bhoomi Offset, Bhatiyavadi, Opp. Railway Station, Kalupur, Ahmedabad 380002 and **Published** From G-1301, Sardar Patel Nagar, Shastrinagar Char Rasta, Near Anmol Tower, Naranpura, Ahmedabad-380013. **Mob.**98252 52125 **Email :** lokpatrikadaily@gmail.com **website :** www.lokpatrika.in **Editor :** Avesh K. Malaviya